પેજ નં. પાંચ ઉપર

# લાખો લોકોના હાથ પગનો ટેકો : કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભાવનગરના 'ની-બ્રેસ' પહોંચ્યા, ગાડી ભરીને કાર્યકરોની ટીમ દેશભરના ખૂણે ખૂણે પહોંચે છે.



PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

કોશિશ થી કામયાબી


Since 1-8-1974

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ સપ્ટેમ્બર - ૨૦૨૨, અંક નં. ૧૧૭ / ૪૮૩

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 Supt.- 22 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર



બધિર શાળામાં આઝાદી પર્વની ઉજવણી



મધર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ



આઝાદી કા અમૃત મહોત્સવ




આપત્તિ વ્યવસ્થાપન



અજીતભાઈને એવોર્ડ અર્પણ




શાળા વિઝિટ



ચૂંટણી - ૨૦૨૨-'૨૩



કોટન બેગ વિતરણ

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . ૦૪
- લાખો લોકોના હાથ પગનો ટેકો - 'ની-બ્રેસ' . . . . . . ૦૫
- પાર્કિન્સન્સ 'કંપવા' ના દર્દીઓ માટેનો નિઃશૂલ્ક સેમિનાર સુપેરે સંપન્ન . . . . . . . . . . . . . . . ૦૭
- અશરફ મન્સુરીને રાજયકક્ષાએ બધિર ચેસ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ . . . . . . . . . . ૦૭
- વાંચકોના અભિપ્રાય . . . . . . . . . . . . . . . . ૦૭
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . ૦૮
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . . ૦૯
- નટરાજ લાઈબ્રેરી . . . . . . . . . . . . . . . . . ૦૯
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૧૦
- 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . . . . . . . ૧૧
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ . . . . . . . ૧૩
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . . ૧૪
- ટિચર્સ ટ્રેનિંગ કોલેજ - વિઝયુઅલી ઈમ્પાયર્ડ . . . . . . ૧૫
- શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) . . . ૧૬
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૭
- ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ - હિયરીંગ ઈમ્પાયર્ડ . . . . . . . ૧૮
- પી.આર.વી. કૃત્રિમ સાધન સહાય વર્કશોપ . . . . . . ૧૯
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . ૨૦
- ડોનેશન લિસ્ટ. . . . . . . . . . . . . . . . . . . ૨૧
- ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ - (એમ.આર.) . . . . . . . . . ૨૧
- સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી . . . . . . . . . . . . . . ૨૨
- દિવ્યાંગોને સાધન સહાય વિતરણનો કાર્યક્રમ. . . . . . ૨૨
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . ૨૩





**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## હવે તો અંધશ્રધ્ધા છોડી, વૈજ્ઞાનિક અભિગમ અપનાવીએ

મિત્રો,

દર વર્ષે શીતળા માતાની પૂજા-અર્ચના, આજના આધુનિક યુગમાં પણ પરંપરા સાથે નિભાવાતી જોવા મળે છે, ત્યારે થાય છે કે આ આપણી ધાર્મિક અંધશ્રધ્ધા છે કે આપણી મૂર્ખતાનું પ્રદર્શન !

શીતળા (સ્મોલ પોક્સ) એ વેરિયોલા વાયરસથી થતો રોગ છે. આ રોગ, રોગીએ સ્પર્શ કરેલી વસ્તુ બીજો વ્યક્તિ સ્પર્શ કરે તેનાથી ફેલાય જાય અને થોડા સમયમાં મહામારીનું સ્વરૂપ ધારણ કરી જે-તે વિસ્તારને ચેપ ગ્રસ્ત બનાવે છે. વેરિયોલા મેજરથી આખા શરીર પર મોટી ફોડલીઓ અને 101 થી 103 ડિગ્રી જેટલો તાવ રહે છે. શીતળામા બાળકોનો મૃત્યુ દર 80% જેટલો રહે છે. જયારે પુખ્તોમાં 20% થી 40% રહે છે. આ રોગ જેમને લાગુ પડે તેમાંના ચારમાંથી એકનું મૃત્યુ, એકને અંધત્વ અને બાકીના બેના મોઢાં પર શીતળાની નિશાનીના ચાઠાં પડી જવાથી જીવનભર કદરૂપા થઈ જાય છે.

આ શીતળાના રોગના સૌથી જૂનાં પુરાવા ઈ.સ. પૂર્વે 300 વર્ષની ઈજિપ્તની મમીમાંથી મળે છે. શીતળાની નાબૂદી પહેલાના 100 વર્ષમાં 50 કરોડ લોકો આ રોગથી મૃત્યુ પામેલા. જયારે વીસમી સદીમાં અંદાજે 30 કરોડ લોકો શીતળાથી મૃત્યુ પામેલા છેક 1967 સુધી, દર વર્ષે દોઢ કરોડ લોકોને શીતળા થતો. તેના ઉપરથી આ રોગની ભયાનકતાનો ખ્યાલ આવે છે.

WHO ના 1967 ના સર્વેક્ષણ અનુસાર અઢારમી સદીના અંત સુધીમાં યુરોપ અને અમેરિકામાં જ કુલ 6 કરોડ લોકો આ રોગથી માર્યાં ગયા હતાં. શીતળા એ વારસથી ફેલાતો રોગ છે. આપણી અબૂધ અજ્ઞાન પ્રજા તે સમજી ન શકી અને તેને માતાજીનો પ્રકોપ સમજી પૂજા કરવા લાગી. જે આજે પણ શીતળા સાતમના નામે ચાલું છે.

મિત્રો, આ મહાવિનાશક શીતળાના રોગથી સમગ્ર વિશ્વને મુકત કરનાર વૈજ્ઞાનિક **ડૉ. એડવર્ડ જેનર** (ઈંગલેન્ડ) હતાં. જેમણે ઈ.સ. 1796 માં એક બાળક પર સૌ પ્રથમ શીતળા વિરોધી રસીનો સફળતાપૂર્વક પ્રયોગ કર્યો હતો. ત્યારબાદ આ રસીનો પ્રયોગ ઈ.સ. 1800 થી 1947 સુધી બ્રિટીશ સરકાર અને WHO એ વેક્સિનેશન પોલિસી અંતર્ગત વિશ્વના દરેક જન્મતા બાળકને આ રસી આપીને શરૂ કર્યો. 1947 પછી ભારત સરકારે WHO ના **કંટ્રોલ એન્ડ ઈરેડિકેશન પ્રોગ્રામ ઓફ સ્મોલ પોક્સ** અંતર્ગત, ભારતમાં પ્રત્યેક ઘરે-ઘરે જઈને રસીકરણનો વ્યાપક પ્રયાસ કર્યો, જેનાથી 1977 માં ભારત અને સમગ્ર વિશ્વમાંથી આ ચેપગ્રસ્ત રોગ કાયમ માટે વિદાય થઈ ગયો, અને 1980 માં WHO એ વિષે સત્તાવાર અહેવાલ સ્વીકાર્યો.

મિત્રો, આ શીતળા રોગની રસી શોધનાર, અને પોતાનું સમગ્ર જીવન માનવજાતને સમર્પિત કરનાર, કરોડો લોકોને આ રોગથી કાયમ માટે મુકત કરનાર, ડૉ. એડવર્ડ જેનરને યાદ કરી વંદન કરીએ અને અંધશ્રધ્ધામાંથી મુકત થઈએ.

**કિરીટ રાઠોડ**

***Being HAPPY doesn't mean that everything is PERFECT.***
***It means that you have decided to look***
***BEYOND the imperfection.***

**- Anonymous**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૧૭ / ૪૮૩**
  ૧૫ સપ્ટેમ્બર - ૨૦૨૨
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

'Azadika Amrit Mahotsava', 'Har Ghar Tiranga', 'Bharat Mata Pujan', 'Independence Day', 'Gurupurnima', 'Raxa Bandhan' celebrations have been prominent in activities of PNR Society-run schools and K. L. Institute for the Deaf (KLID) and Ankur with a view to driving home importance and values of different national and regional festivals at tender age to budding talent in normal and special schools.

### ◈ KLID Arms Reaching Next High Level

A precious initiative of deputing trainees of D. Ed. of KLID's K. K. Ajmera Teachers' Training College of going at the doorstep of people residing in local Ranika area for making them aware of different kinds of disabilities, means to ease or eliminate them, educate and empower them;Deputing trainees to Special and Inclusive schools under Internship;Inviting Resource Persons from outstations; Organising awareness of Disaster Management for KLID's wards and staff; Mothers Training, Bagging Silver Medal by its ward Asharaf in Chess in State level Competition and P.R.Wadhar Workshop's free services have been chief credits to the KLID from its different arms.

### ◈ Nataraj C. P. School Gearsup for New High

Apart from celebrating national and regional festivals the Nataraj Cerebral Palsy school organised Orthopedic Pediatric Surgical & Orthosis Camp of which beneficiaries were 29 that included 7 surgeries. The school also organised Speech Therapy Assessment Camp. A total number of 72 beneficiaries took advantage of this Camp. Matrix Therapy Seminar organised by the school was a maiden gesture ! Initiative of Monsoon Carnival in which artistic articles prepared by its wards were exhibited in a stall for sale earned praise from all quarters.

### ◈ Ankur School in Limelight

Ankur named Special School for Mentally Retarded Children has been in the news for Tablet distribution, Vaccination, sale of Raxas prepared by its wards,100% result of its Teachers Training College and above all, celebration of national and regional festivals in characteristic way.

### ◈ Other Activities

PNR Special Hospital's initiative of oganising visit of Neurophysian for Parkinsons patients of Shri B.K.Parekh Parkinsons Support Group,V.C.

Lodhawala Hospital's continued services are described. Disha-cum-Vikas project is in full swing. This issue has also Success Stories besides important news.

# લાખો લોકોના હાથ પગનો ટેકો : કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભાવનગરના 'ની-બ્રેસ' પહોંચ્યા, ગાડી ભરીને કાર્યકરોની ટીમ દેશભરના ખૂણે ખૂણે પહોંચે છે



સંસ્થાએ ઓટોમેટિક લોકિંગ સિસ્ટમવાળા કૃત્રિમ પગ બનાવ્યા. ૧૯૮૯-'૯૦ માં કેલિપર બનાવવાની સ્વદેશી ટેકનોલોજી પણ વિકસાવી. પગના ઘુંટણના દુખાવાના પ્રશ્નો હવે સામાન્ય બન્યા છે. ૫૦ ની વય વટાવી ચૂકેલા પ્રત્યેક ૧૦ વ્યકિતમાંથી ચારને આ તકલીફ વધતા-ઓછા અંશે જોવા મળતી હોય છે. ઘુંટણનું ઓપરેશન તે તેનો ઉપાય છે ખરો, પરંતુ બધાને તે ઓપરેશન અને તે પછીની સારવાર પરવડી શકે નહીં. આ સંજોગોમાં ભાવનગરના 'ની-બ્રેસ' દેશભરમાં ઉપયોગી થયા છે. વૈજ્ઞાનિક પધ્ધતિથી ની-બ્રેસ તૈયાર કરાય છે. ભાવનનગરની પ્રભાકુંવર વાધર વર્કશોપમાં, વિજય નાયકના નેતૃત્વમાં કેલિપર્સ, ક્રચિઝ તો બન્યા છે અને સાથે સમયની માંગ અને લોકોની તકલીફ જોતા આ **પોલિસેન્ટ્રિક ની-બ્રેસ** તૈયાર થયા. આ ની-બ્રેસ વૈજ્ઞાનિક પધ્ધતિએ તૈયાર કરેલી છે, સાથે પહેરવામાં સરળ અને વ્યક્તિ આ ની-બ્રેસ પહેરીને પલાંઠી વાળીને બેસી પણ શકે તેવી વ્યવસ્થા છે. વળી કિંમતમાં ખૂબ કિફાયતી અને ઝડપથી તૈયાર થઈ શકે છે. આ ખાસિયતોને કારણે છે આ ની-બ્રેસ સમગ્ર દેશમાં લોકપ્રિય છે. આ અભિયાન પી.એન.આર. સોસાયટી અને બહેરાં-મૂંગા શાળા દ્વારા, વિજય નાયક અને તેની ટીમ દેશભરના રાજ્યોમાં છેલ્લા વીસ વર્ષથી નિરંતર કેમ્પ ચલાવી રહી છે અને ઘુંટણની તકલીફથી પીડાતા આવા દર્દીઓનું યોગ્ય નિદાન કરી, યોગ્ય માપ-સાઈઝ લઈ, તે પ્રમાણેના ની-બ્રેસ બનાવી, તે વ્યક્તિને પહેરાવવામાં આવે છે. ભાવનગરના પી.આર. વાધર વર્કશોપમાં તૈયાર થયેલા ની-બ્રેસની ગાડી ભરીને, કાર્યકરોની ટીમ દેશભરના ખૂણે-ખૂણે પહોંચે છે અને ઘુંટણની તકલીફથી પીડાતા દર્દીઓને મુશ્કેલીમાંથી છુટકારો અપાવે છે. અત્યાર સુધીમાં બે લાખથી વધુ લોકો આ ની-બ્રેસ લગાવી ચૂકયા છે. આ રીતે દેશના ખૂણે ખૂણે આ ની-બ્રેસ પહોંચી છે.

**જયપુર ફુટની ટેકનોલોજી ભાવનગરમાં આવી** :
હાલ જે વર્કશોપમાં આ ની-બ્રેસ બનાવવાનું કામ સતત ચાલી રહ્યું છે, ત્યાં એક સમયે દિવસ-રાત કૃત્રિમ ફુટ તૈયાર થતાં. અલબત્ત આજે પણ બને જ છે, પરંતુ તે સમયે તેની માંગ વિશેષ રહેતી હતી.





અકસ્માતના કારણે પગ કપાઈ ગયા હોય કે પછી ડાયાબિટીસ કે અન્ય કારણોસર ગેંગરીન થતા પગ કપાવવા પડયા હોય, આ સંજોગોમાં લોકોને મદદરૂપ થવા ટ્રસ્ટીઓના પ્રયાસથી જયપુર ફુટની ટેકનોલોજી ભાવનગરમાં આવી, સાથે કારીગર માનસિંગ પણ જયપુરથી ભાવનગર આવ્યાં અને પી.એન.આર. સાથે જોડાયા. સંસ્થાના કાર્યકર રવજીભાઈની સાથે મળી અંધશાળાના ગ્રાઉન્ડમાં, સિમેન્ટ શીટના પતરામાંથી નાનકડું વર્કશોપ ઊભું કર્યું અને અહીં જયપુર ફુટ ભાવનગરમાં પણ બનવા લાગ્યા. કૃત્રિમ પગ હવે ભાવનગરમાં પણ મળે છે તેની ખબર પડતા જ લાઈનો લાગવા લાગી. આખરે સમય જતાં આ વર્કશોપના પાયા પર જ બહેરાં-મૂંગાના કેમ્પસમાં આધુનિક પ્રભાકુંવર રતિલાલ વાધર વર્કશોપની ઈમારત ઊભી થઈ.

### કેલિપરનું કામ PRV વર્કશોપમાં થવા લાગ્યું :


આ કૃત્રિમ સાધનો બનાવવાનું કામ તો પૂરજોશમાં ચાલવા લાગ્યું. વળી આ સમય હતો પોલિયોનો. સંસ્થામાં પોલિયોના ઓપરેશન કેમ્પ થતાં અને પોલિયોના દર્દીઓ માટે દર વર્ષે ત્રણેક હજાર કેલિપરની પણ જરૂરિયાત રહેતી. આ કેલિપર તે સમયે વિશાખાપટ્ટનમાંથી મંગાવવામાં આવતા. આ દરમિયાન અનેક મુશ્કેલીઓ રહેતી. આ કેલિપર ભાવનગરમાં જ કેમ ન બનાવી શકાય ? આ વિચાર આવ્યો અને માનસિંગે તે વધાવી પણ લીધો. આમ કેલિપરનું કામ પણ આખરે પી.આર. વાધર વર્કશોપમાં થવા લાગ્યું અને આ કામમાં કેટ કેટલા કુશળ કારીગરો અને કાર્યકરો જોડાયા. ૧૯૮૯ - ૯૦ માં અહીં જ કેલિપર બનાવવાની સ્વદેશી ટેકનોલોજી પણ વિકસાવી. પોલિયોના પચાસ હજારથી વધુ ઓપરેશનનો વર્લ્ડ રેકોર્ડ આ સંસ્થાના નામે છે તો ૧.૩૦ લાખ કેલિપરનું વિતરણ પણ આ સિધ્ધિથી ઓછું ન જ ગણી શકાય.

### ઓટોમેટિક લોકિંગ સિસ્ટમવાળા કૃત્રિમ પગ બનાવ્યા :

જયપુર ફુટમાંથી ભાવનગરના જ 'પ્રભાફૂટ' નું અવતરણ, વિજય નાયકના કારણે થયું તેમ કહી શકાય. તેણે ઓછા વજનના, ઘુંટણમાંથી વળી શકે અને ઓટોમેટિક લોકિંગ સિસ્ટમવાળા કૃત્રિમ પગ બનાવ્યા અને તેની પેટ્રન રજીસ્ટર કરાવી. દાતા અને હાલ સંસ્થાના પ્રમુખ શ્રી શશીભાઈ વાધરના માતાના નામ પરથી આ ફૂટનું નામકરણ થયું **'પ્રભાફૂટ'**. વિશેષતાને કારણે આ ફૂટ દેશભરમાં લોકપ્રિય થઈ પડયો અને અત્યાર સુધીમાં ૧૩ હજારથી વધુ લોકો આ કૃત્રિમ પગ અને કૃત્રિમ હાથ દ્વારા, ગુમાવેલા 'નવા હાથ-પગ' પામ્યા છે. સમય જતા પોલિયો નાબૂદ થયો, તેથી કેલિપરની પણ હવે ખાસ જરૂર રહેતી નથી. કૃત્રિમ અવયવોમાં પણ હવે અનેક વિકલ્પો ઉપલબ્ધ થયાં છે, પરંતુ પ્રભાફૂટ તે સમયમાં હજારો દર્દીઓ માટે ઈશ્વરના આશીર્વાદ સમાન હતા, તેમ કહેવામાં કોઈ અતિશ્યોક્તિ નથી. નાનું વર્કશોપ આજે આધુનિક બન્યું છે. સમય બદલાતા હવે જરૂરિયાતો પણ બદલાય. ઘુંટણનો દુખાવો હવે ઘર-ઘરની સમસ્યા બની છે. ત્યારે એક સમયે કેલિપર અને કૃત્રિમ સાધનો બનાવવા માટે ધમધમતું આ વર્કશોપ હવે, 'ની-બ્રેસ' માટે પણ સતત કાર્યરત છે. સિમેન્ટ શીટના પતરામાંથી બનેલું તે નાનું વર્કશોપ આજે, આધુનિક **પ્રભાકુંવર રતિલાલ વાધર વર્કશોપ** બની હજારોને મદદરૂપ થાય છે, હાથ પગ, ઘુંટણનો ટેકો બનીને. અમારો પ્રયાસ સમાજ માટે જે પણ થઈ શકે તે કરવાનો છે. દિવ્યાંગો માટે સતત કાર્યરત એવી આ સંસ્થા માત્ર ભાવનગર કે ગુજરાત પૂરતી જ સીમિત નથી રહી અને તેનું ઉદાહરણ 'પ્રભાફૂટ' અને આ 'પોલિસેન્ટ્રિક ની-બ્રેસ' છે.

સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ નમ્રપણે કહે છે કે, ''આનો યશ આ વર્કશોપ ઉભું કરવામાં મદદરૂપ થનાર દાતા શ્રી શશીભાઈ વાધર, સંસ્થાના ટ્રસ્ટીઓ, ફુટ તથા ની-બ્રેસની ડિઝાઈન તૈયાર કરનાર શ્રી વિજય નાયક તથા અમારી સંસ્થાના કાર્યકરોની ટીમને છે. અમારો પ્રયાસ સમાજ માટે જે પણ થઈ શકે તે કરી છૂટવાનો છે.''






# પાર્કિન્સન્સ 'કંપવા' ના દર્દીઓ માટેનો નિઃશૂલ્ક સેમિનાર સુપેરે સંપન્ન




ભાવનગર PNR સ્પેશ્યલ હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયાના પ્રયત્નથી અને PNR દ્વારા ચલાવવામાં આવતા શ્રી બી. કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ-ભાવનગર ચેપ્ટરના ઉપક્રમે, પી.એન.આર. સ્પેશ્યલ હોસ્પિટલ, અંધશાળા કેમ્પસ ખાતે તા. ૭ ઓગસ્ટ -'૨૨ ના રોજ ખ્યાતનામ ન્યૂરોફિઝીશ્યન ડૉ. જયંતી ગુરૂમુખાણી સાહેબ દ્વારા પાર્કિન્સન્સના જૂના, નવા દર્દીઓ તથા તેમના સગાઓ માટે, સરળ ભાષામાં વ્યાખ્યાન તથા પ્રશ્નોત્તરીનું આયોજન કરાયેલ. ૬૦ જેટલા દર્દીઓ તથા રસ ધરાવનાર આગંતુકોએ નિઃસંકોચ રીતે શારીરિક-માનસિક મુંજવણો રજૂ કરી, તજજ્ઞ પાસેથી શંકા, સમસ્યાઓનું સમાધાન મેળવેલ. કાર્યક્રમનો શુભારંભ માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા થયેલ. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. તુષારભાઈ ત્રિવેદી (ઓર્થો. સર્જન) એ પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ. કાર્યક્રમનું સંચાલન સિનીયર ફિઝીયોથેરાપીસ્ટ શ્રી ભાવિનભાઈ માંડવિયાએ કરેલ. આભારવિધિ ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ.

# અશરફ મન્સુરીને રાજયકક્ષાએ બધિર ચેસ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ




ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ અને બહેરાં-મૂંગા મિત્ર મંડળ દ્વારા, મણીનગર વિસ્તારમાં મૂક બધિર દિવ્યાંગ ખેલાડીઓ માટે ૧૫મી **ઓલ ગુજરાત ચેસ ચેમ્પિયનશીપ** (રાજય કક્ષા) નું આયોજન તા. ૧૮ જૂલાઈ -'૨૨ ના રોજ અમદાવાદ ખાતે થયેલ. જેમાં ગુજરાતના વિવિધ જિલ્લામાંથી ૧૧૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આપણી સંસ્થાના શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ધો. ૭ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અશરફ મન્સુરીએ **જુનિયર બોયઝ ગ્રુપ**માં દ્વિતીય નંબર (સિલ્વર મેડલ) પ્રાપ્ત કરેલ છે અને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. જે માટે શાળાના રમત શિક્ષક શ્રી સંદીપભાઈ ગૌસ્વામીએ જહેમત ઉઠાવેલ. શાળા પરિવાર તેમજ ટ્રસ્ટીગણ, મંત્રીશ્રી, પ્રિન્સિપાલશ્રી તેમજ શિક્ષક મિત્રોએ ખૂબ અભિનંદન પાઠવેલ.

દ્વિતીય નંબર પ્રાપ્ત કરવા બદલ અરશફ મન્સુરીનું નેશનલ ગેમમાં સિલેકશન થયેલ છે.

## વાંચકોના અભિપ્રાય

**પ્રતિ, પી.એન.આર. સોસાયટીના સભ્યો,**

**નમસ્કાર... દર મહિને 'કોશિશ થી કામયાબી' નો અંક મળે એટલે અમે 'માનસી' સંસ્થાની દિકરીઓને બતાવીએ છીએ. 'માનસી' એ મંદબુધ્ધિ દિકરીઓની કચ્છમાં માંડવી સ્થિત નિવાસી તાલીમશાળા છે. ઓગસ્ટ મહિનાનું માસિક અમારા પાસે તા. ૨૩-૮-'૨૨ ના આવ્યું કે તરતજ મુખપૃષ્ઠ જોઈને અમે આનંદિત થયા. કિરીટભાઈ રાઠોડને તરત ફોન ઉપર અભિનંદન પાઠવ્યાં. સી.પી. બાળકો માટેની હોસ્ટેલ અમે પ્રયત્ક્ષ આવીને જોઈ ગયા છીએ. એટલે રોજબરોજના આ બાળકોના પ્રશ્નો સમજી શકીએ છીએ. સી.પી. બાળકોની સેવા કરનાર ટીમને અમારા વંદન. ઘરમાં એક બાળક થોડુંક અલગ હોય, બીજા પર આધારિત હોય ત્યારે ઘરના સભ્યોમાં ફકત અને ફકત માતા જ દરેક ક્ષણે બાળકની કાળજી લેતી હોય છે, અહીં આ 'સવાયા પિતા' શબ્દને સાર્થક કરનાર લાલજીભાઈ, શાંતિભાઈ, હરદેવભાઈ તથા મેહુલભાઈને આપે મુખપૃષ્ઠ પર લોકો સમક્ષ મૂકયા એનો અમને ખૂબજ આનંદ થયો છે. પી.એન.આર. સોસાયટીની સમગ્ર ટીમને અમારા વંદન, પ્રેરણાદાયક મુખપૃષ્ઠ માટે.**

**- લી. ટીમ માનસી વતી, ગીતા ગાલા, માંડવી-કચ્છ, તા. ૨૪-૮-'૨૨**

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



મનસુખ સોરઠિયા

◈ **રાહત દરે મોતિયાના દર્દીઓ માટે કેમ્પ :** તા. ૧૪ જૂલાઈ - ʼ૨૨ ના રોજ આંખના નિષ્ણાંત ડૉ. શ્રી કૃણાલ નિર્મળ (એમ.એસ. ઓપ્થો.) દ્વારા આંખના રોગના માર્ગદર્શન માટે કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મોતિયાના રાહતદરે આધુનિક ફેકો પધ્ધતિ (લેસર) ઓપરેશન તથા ફોલ્ડેબલ સોફ્ટ નેત્રમણી (લેન્સ) પ્રત્યારોપણ, ઈમ્પોર્ટેડ મલ્ટીફોકલ (જેમાં નજીકના ચશ્મા પહેરવાની જરૂર પડતી નથી) તથા ટોરીક (ત્રાંસા નંબરવાળા દર્દી માટે ઉપયોગી લેન્સની સુવિધા), વેલનું આધુનિક પ્લાસ્ટિક સર્જરીથી ઓપરેશન, આંખના તમામ પ્રકારના રોગોની તપાસ તથા નિદાન, સારવાર જેવી કે આંખમાં કાણું પડવું, આંખ લાલ થવી વિગેરે તથા મોતિયાના ઓપરેશન બાબતની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ હતી.

◈ **રાહતદરે થાઈરોડનો કેમ્પ :** તા. ૧૪ જૂલાઈ - ʼ૨૨ ના રોજ થાઈરોડ કેમ્પ રાખવામાં આવેલ.

◈ **રાહતદરે કાન-નાક-ગળાનો કેમ્પ :** તા. ૧૫ જૂન-ʼ૨૨ ના રોજ આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિભાગના નિષ્ણાંત ડૉ. શિખાબેન સચદેવ (એમ.બી.બી.એસ. ડી.એલ.ઓ., ગોલ્ડમેડાલિસ્ટ) દ્વારા કાનમાં, નવા પડદા બેસાડવા માટે માઈક્રો સર્જરી તથા ઓપરેશન, કાનના સડા દૂર કરવાના ઓપરેશન તેમજ મસાની તકલીફ અને નાસુરની સારવાર, વિગેરે બાબતો વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૪૦ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

◈ **વિનામૂલ્યે ફિઝીયોથેરાપી કેમ્પ :** તા. ૨૦ જૂલાઈ - ʼ૨૨ ના રોજ મગજના લકવાના દર્દીઓ માટે ડૉ. પ્રિયાંશીબેન પરમાર (બી.પી.ટી.) તથા ડૉ. ધ્રુવિકાબેન ભટ્ટી (બી.પી.ટી.) દ્વારા મગજના લકવા અંતર્ગત, અચાનક સંવેદના શૂન્ય થવી, માંસ પેશીઓમાં વિકૃતી થવી, સમતુલન ના કરી શકાય તેવી પરિસ્થિતી સમજવા તથા બોલવામાં તકલીફ પડવી, ચહેરાનો એક ભાગ શૂન્ય અથવા વાંકો થઈ જવો જેવા લક્ષણો માટે ફિઝીયોથેરાપી અને પુનર્વસન સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવેલ.

◈ **સામાન્ય બીમારી માટેનો રાહતદરનો કેમ્પ :** તા. ૩૦ જૂલાઈ - ʼ૨૨ ના રોજ ડૉ. મુકુન્દભાઈ પંડયા (બી.એ. એમ.એસ.) તથા ડૉ. કપીલ દેવમુરારી (બી.એ.એમ.એસ) દ્વારા તાવ, શરદી, ઉધરસ, અસ્થમા વિગેરેની સામાન્ય તપાસ માટેનો રાહતદરના કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૦૭ લાભાર્થીઓએ લાભ લીધેલ.

◈ **દાંતના રોગની સારવાર માટેનો રાહતદરનો કેમ્પ :** ડૉ. વંદનાબેન દેવમુરારી (બી.ડી.એસ.) ના નેતૃત્વ નીચે તા. ૩૦ જૂલાઈ - ʼ૨૨ ના રોજ દાંતના રોગની સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં સારવાર અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં કુલ ૦૮ લાભાર્થીઓએ લાભ લીધેલ. આ સંસ્થા દ્વારા વિનામૂલ્યે તથા રાહતદરના કેમ્પ આયોજિત કરી, સામાન્ય લોકોને બહેતર સારવાર મળી રહે એ ઉદ્દેશથી આયોજન કરવામાં આવે છે. ''દર્દી દેવો ભવ'' ના સૂત્રને સાકાર કરવાના હેતુથી આ કાર્ય થઈ રહ્યું છે.







# પી. એન. આર. હૉસ્પિટલ

✍ મહાસુખભાઈ જકડિયા



**જુલાઈ -'૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૨૩ | ૦૭ | એક્ષ-રે | ૬૧ | - |
| આંખ | ૫૯૯ | ૧૩૩ | લેબોરેટરી | ૨૬૧ | ૮૮૭ (ટેસ્ટ) |
| આંખની છારી | ૧૫ | - | રૂબેલા | ૦૩ | - |
| ઈ.એન.ટી. | | | ચામડી | ૨૫ | - |
| (કાન-નાક-ગળા) | ૫૧૯ | ૦૪ | પેડિયાટ્રિક ડેન્ટલ | - | ૦૧ |
| માઈનર પ્રોસિઝર | ૨૭૦ | - | આંખના પડદા | ૦૪ | - |
| ઓર્થોસ્કોપી | ૨૯ | ૦૧ | પ્લાસ્ટિક સર્જરી | ૩૧ | ૦૯ |
| ઓર્થોડેન્ટલ | ૨૨૪ | ૧૬૬ (ટ્રિટમેન્ટ) | હેર ઈમ્પ્લાન્ટ | ૦૮ | ૦૫ |
| જનરલ ઓપીડી | ૭૦૬ | - | | | |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૩૪** લાભાર્થીઓએ **રૂા. ૫,૦૪૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૦૯** દર્દીઓએ **રૂા. ૭,૯૩૦/-** ની સહાય મેળવેલ છે.



# શ્રી યુવક સંમેલન મુંબઈ
# નટરાજ લાઈબ્રેરી

✍ છાયા જોષી



## ઓગસ્ટ મહિનામાં શ્રી બાબાભાઈ દ્વારા નટરાજ લાઈબ્રેરીમાં ભેટ આવેલા પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| આપણાં ગિજુભાઈ | જીવન કાર્ય માહિતી |
| શબ્દ કથા | શબ્દોના અર્થ તથા ઈતિહાસ |
| માનસિક શાંતિના પ્રયોગો | જુદા-જુદા પ્રયોગો |
| આરોગ્ય માટે યોગ | યોગ વિષેની માહિતી |
| અવર્ણનિય સાહિત્ય સૃષ્ટિ | ડૉ. યશવંત ત્રિવેદી |
| લી ઓક્ટોબર બે | કાવ્ય સંગ્રહ |
| અરધી સદીની વાંચન યાત્રા | ઉપયોગી લેખો |
| યુવાદવા | વાર્તા સંગ્રહ |
| હવે મને પહેલા કરતા સારું લાગે છે | પ્રેરણાત્મક વાર્તાઓ |
| સૌના ભાઈ માનભાઈ | જીવન કવનની કથા |
| ગુજરાતના પનોતા પુત્ર કનૈયાલાલ મુનશી | કનૈયાલાલ મુનશીના જીવનકવનની કથા |
| અમારું વીલ, અમારો વારસો | જીવનયાત્રાની કથાઓ |
| જીવનની વાટે | પ્રેરક કથાઓ |
| આ જિંદગી પરમાત્માએ આપેલી પરીક્ષા | લલિત મધુર લેખો |
| શિક્ષણ જ નહીં શિક્ષા પણ | જીવન ઘડતરની વાર્તાઓ |
| જ્યાં ડૉક્ટર ન હોય | આરોગ્ય સંભાળ પુસ્તિકા |
| જીવન રસાયણ | ઘરગથ્થું ઉપચાર |
| મોતીચારો | વાર્તાઓ |
| સ્વસ્થ આહાર | આહાર અંગે પુસ્તક |
| રસ ભાજી ને સૂપ, સાજા થાઓ અચૂક | નાના મોટા રોગોની સરળ સારવાર |
| Inspiration Case Stories | પ્રેરણાત્મક વાર્તા સંગ્રહ |
| Dath An Inside Story | For All Who Shall Die |
| Relationship Bond of bridge | Emotional Stories of Relationship |
| Emotions The Juice of Life | Emotional Stories of Relationship |
| Mind is Your Business | The Circus Of Mind |
| Body The Greatest Gadget | The Circus Of Mind |



# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



✍ વિભૂતિ વ્યાસ

## ગુરૂપૂર્ણિમાની ઉજવણી :

તા. ૧૪ જૂલાઈ-`૨૨ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ અને હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના સંયુકત ઉપક્રમે **ગુરૂપૂર્ણિમાની ઉજવણી** કરાયેલ. આ ઉજવણી અંતર્ગત ગુરૂવંદના કાર્યક્રમમાં બાળકો દ્વારા કંકુ-ચોખા, ચોકલેટથી પોતાના ગુરૂનું પૂજન કરવામાં આવેલ. સાથે બાળકો દ્વારા કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. ગુરૂનું મહત્વ અને ભજન દ્વારા વાતાવરણ ભક્તિમય બન્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી વિભૂતિબેન વ્યાસે કરેલ.

## મોનસુન કાર્નિવાલ :

તા. ૨૩-૨૪ જૂલાઈ-`૨૨ સ્કૂલ દ્વારા શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ આયોજીત **મોનસુન કાર્નિવાલ** અંતર્ગત સી.પી. બાળકો દ્વારા બનાવવામાં આવેલ કલાત્મક આર્ટિકલ્સનું પ્રદર્શન તથા વેચાણ માટે સ્ટોલ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતા, શ્રી રીનાબેન વસોયા, શ્રી હર્ષાબેન પાડલિયાએ કરેલ.

## સ્પિચ થેરાપી એસેસમેન્ટ કેમ્પ :

તા. ૨૯, ૩૦ જૂલાઈ -`૨૨ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલમાં ડૉ. આઈ.બી. સરધારવાલા અર્લી ઈન્ટરવેન્શન અને રિમેડિયલ સેન્ટર કોર્પસ ફંડમાંથી **સ્પિચ થેરાપી એસેસમેન્ટ કેમ્પ** આયોજીત કરવામાં આવ્યો. જેમાં શ્રી અમીતકુમાર મૌર્ય, શ્રી અનિલ સિંઘ અને ડૉ. અંબર ગુપ્તા દ્વારા સી.પી. વિભાગના તથા OPD ના બાળકોનું નિદાન સાથે સારવાર પ્લાન તૈયાર કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૭૨ લાભાર્થીઓ જોડાયા હતાં.

## ભારત માતા પૂજન :

તા. ૧ ઓગસ્ટ-`૨૨ ના રોજ સ્કૂલમાં ભારતની પ્રતિકૃતિ સમાન **ભારત માતા**નું સી.પી. બાળકો અને શિક્ષકો દ્વારા પૂજન કરવામાં આવેલ. માતૃભૂમિની રક્ષા કાજે શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાજંલિ અર્પી, ભારતમાતાના જયકાર સાથે દેશની સુખ, સમૃધ્ધિ અને શાંતિ સ્થપાય તેવી મનોકામના કરેલ.

## રક્ષાબંધન પર્વની ઉજવણી :

તા. ૮ ઓગસ્ટ-`૨૨ ના રોજ સ્કૂલમાં **રક્ષાબંધન પર્વ**ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ. જેમાં સરદાર પટેલ સ્કૂલના પ્રિ-પ્રાયમરીના નાના બાળકો દ્વારા દિવ્યાંગ બાળકોને રક્ષા બાંધી, ખુશી વ્યકત કરી હતી. સરદાર પટેલના શિક્ષકોએ અભિનય ગીત, લોકગીત અને બાળગીત દ્વારા વાતાવરણ આહ્‌લાદક બનાવી દીધું હતું.

## વિશ્વ સિંહ દિવસ :

તા. ૧૦ ઓગસ્ટ-`૨૨ ના રોજ સ્કૂલમાં **વિશ્વ સિંહ દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત બાળકોએ સિંહના મોરા પહેરી ખુશી વ્યકત કરી, પોતાની જાતને શક્તિ અને ઉર્જાથી ભરેલ મહેસૂસ કરેલ.

## ઓર્થોપેડિક પિડીયાટ્રિક સર્જીકલ કેમ્પ અને ઓર્થોસિસ કેમ્પ :



તા.૧૨, ૧૩ ઓગસ્ટ-`૨૨ ના રોજ સ્કૂલ દ્વારા ઓર્થોપેડિક પિડિયાટ્રિક સર્જીકલ કેમ્પ અને ઓર્થોસિસ કેમ્પ પી.એન.આર. હોસ્પિટલ ખાતે યોજાયેલ. ઓર્થોપેડિક પિડિયાટ્રિક સર્જીકલ કેમ્પમાં કુલ ૨૯ લાભાર્થીઓ હતાં. જેમાંથી ૭ લાભાર્થીઓના ઓપરેશન કરવામાં આવેલ તથા ઓર્થોસિસ કેમ્પમાં કુલ ૧૪ લાભાર્થીઓ હતાં. જેમાં કુલ ૧૨ લાભાર્થીઓના સ્પિલીન્ટ બનાવવામાં આવ્યાં. આ કેમ્પ માટે સુરતથી ડૉ. અસીમા સાહિત્ય તથા ડૉ. વરૂણ સાહિત્યા, ડૉ. જીજ્ઞેશ ભાઈએ સેવા આપેલ. કેમ્પનું સંચાલન સંસ્થાના ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. ગ્રિવાબેન અંધારિયા તથા ડૉ. અમીબેન રાઠોડ દ્વારા, શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

## હર ઘર તિરંગા યાત્રા :

તા.૧૩ ઓગસ્ટ-`૨૨ ના રોજ સ્કૂલ દ્વારા ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત **તિરંગા રેલી**નું ભવ્ય આયોજન કરવામાં આવેલ. અને તિરંગા વિતરણ કરવામાં આવ્યું હતું.

## હર ઘર તિરંગા અભિયાન :



તા.૧૪ ઓગસ્ટ-'૨૨ ના રોજ સ્કૂલ દ્વારા ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત **હર ઘર તિરંગા અભિયાન** નું આયોજન કરવામાં આવેલ. આ અભિયાન અંતર્ગત કલાત્મક રાષ્ટ્ર ધ્વજ બનાવવા, રાષ્ટ્ર ધ્વજમાં રંગ પૂરણી સાથે, રાષ્ટ્ર ધ્વજનું મહત્વ પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

## ચિત્રકુટની મુલાકાત :



તા. ૨૦ જૂલાઈ-'૨૨ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત મહુવા રિસોર્સ સેન્ટર દ્વારા, વિશ્વ વંદનિય શ્રી મોરારીબાપુના આશીર્વચન સાથે ચિત્રકુટની મુલાકાત લીધેલ. જેમાં કુલ ૧૧ બાળકોએ વાલી સાથે દર્શનનો લીધેલ. આયોજન સેન્ટરના શ્રી સ્મિતાબેન ટાપણિયા દ્વારા કરાયેલ.

## મેટ્રિક્સ થેરાપી સેમિનાર :



તા. ૨૧ ઓગસ્ટ-'૨૨ ના રોજ સ્કૂલ દ્વારા મેટ્રિક્સ થેરાપી સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુંબઈના તજજ્ઞ ડૉ. ભારતીબેન પારેખ (MPT Pediatric) અને ડૉ. શિતલબેન કામત (MPT Pediatric) દ્વારા સંસ્થાના ફિઝીયોથેરાપીસ્ટ અને શિક્ષકોને મેટ્રિક્સ થેરાપીનું લાઈવ ડ્રેમોસ્ટ્રેશન દ્વારા માહિતી આપવામાં આવેલ.

## ◈જન્મ દિવસની ઉજવણી :



◈ તા. ૫ જૂલાઈ-'૨૨ ના રોજ, ઓટિઝમ સ્કૂલની વિદ્યાર્થીની ડેમલા ઉર્વી શ્રીચંદભાઈ દ્વારા બાળકોને જન્મદિન નિમિત્તે કેક-નાસ્તો આપવામાં આવેલ.

◈ તા. ૧૫ જૂલાઈ-'૨૨ ના રોજ, દાતાશ્રી તરફથી ચિ. ચિંતનના જન્મદિન નિમિત્તે કેક કટીંગ સાથે નાસ્તા વિતરણ કરેલ.

◈ તા. ૨૩ જૂલાઈ-'૨૨ ના રોજ, દાતાશ્રી તરફથી ચિ. હિયાના જન્મદિન નિમિત્તે ચોકલેટ તથા લંચબોકસ વિતરણ કરેલ.




# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

✍ ધીરુભાઈ ધંધુકિયા



## કમ્પ્યુટર લેબનું ઉદ્દઘાટન :

સ્કૂલમાં તા. ૨૫ જૂલાઈ-'૨૨ ના રોજ અમેરિકા-મુંબઈ સ્થિત દાતાશ્રી શ્રીમતી શકુંતલા વી. ગાંધી તથા શ્રી વસંતરાય એમ. ગાંધીની ઉદાર સહાયથી નિર્મીત **કમ્પ્યુટર લેબનો ઉદ્દઘાટન** કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં કમ્પ્યુટર લેબનું ઉદ્દઘાટન મહેમાનશ્રી ધવલભાઈ શેઠ અને શ્રી છાયાબેન શેઠના વરદ હસ્તે કરવામાં આવેલ. આ ઉપરાંત કાર્યક્રમમાં ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના



ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ, સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા તથા શિક્ષકો અને ધો. ૬ થી ૯ ના વિદ્યાર્થીઓ હાજર રહેલ. આધુનિક ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓને કમ્પ્યુટરનો ઉપયોગ, માહિતી, સંશોધન ક્ષેત્રે જ્ઞાન પ્રાપ્ત કરી, જીવનમાં સરળતાથી કમ્પ્યુટરનો ઉપયોગ કરી શકે અને ICT નું શિક્ષણ પ્રાપ્ત કરી શકે, તે હેતુને ધ્યાનમાં રાખીને અને વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજજવળ બનાવવા અને ટેકનોલોજી સાથે તાદાતમ્ય કેળવવામાં સરળતા રહે, તે મહત્વનું હોવાથી શાળામાં આ કમ્પ્યુટર લેબ શરૂ કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા અને શ્રી મમતાબેન ચૌહાણ દ્વારા કરાયેલ.

## ગુરૂપૂર્ણિમા કાર્યક્રમ :



તા. ૧૩ જૂલાઈ -'૨૨ ના રોજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે **ગુરૂપૂર્ણિમા કાર્યક્રમ** યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં સી.પી. સ્કૂલ તેમજ હાઈટેક પ્રાથમિક સ્કૂલના બાળકોએ ભાગ લીધેલ.કાર્યક્રમમાં ગુરૂનો જીવનમાં મહિમા, સ્થાન, ગુરૂભજન, વકતવ્ય યોજવામાં આવેલ. ધો. ૨ થી ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા અભિનય રજૂ કરવામાં આવેલ. ગુરૂપૂર્ણિમા નિમિત્તે સી.પી. સ્કૂલના આચાર્યનું ગુરૂપૂજન, તેમના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ. તેમજ હાઈટેક પ્રાથમિક શાળાના આચાર્યનું ગુરૂપૂજન પ્રાથમિક શિક્ષકો દ્વારા કરવામાં આવેલ અને તમામ શિક્ષકોનું ગુરૂપૂજન વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મહેમાન શ્રી દક્ષિણામૂર્તિ શાળામાં ફરજ બજાવી ચૂકેલા શ્રી કલ્પનાબેન, શાળાના ટ્રસ્ટી, આચાર્ય ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## કારગીલ વિજય દિવસ :

તા. ૨૬ જૂલાઈ -'૨૨ ના રોજ **કારગીલ વિજય દિવસ** નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ઉજવણીની શરૂઆત 'એ મેરે વતન કે લોગો' દેશભક્તિ ગીતથી કરેલ. આ કાર્યક્રમ વિશે વાત શ્રી યશવંતસિંહ ઝાલા સરે કરી હતી. કારગીલ યુધ્ધ કયારે શરૂ થયું અને તેના પર કેવી રીતે વિજય મેળવ્યો, તેની માહિતી વિદ્યાર્થી ટાઢા પીયુષે આપી હતી તથા કારગીલ યુધ્ધમાં શહીદ થનાર અને પરમવિરચક્ર મેળવનાર વિક્રમ બત્રા વિશે વકતવ્ય વિદ્યાર્થી મકવાણા ચિંતને આપ્યું હતું. કારગીર વિજય દિવસના આ કાર્યક્રમ સંદર્ભે ઉદ્દબોધન આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાએ કરેલ અને બાળકોએ શહીદોને શ્રધ્ધાજંલિ નિમિત્તે બે મિનિટનું મૌન રાખેલ. આ કાર્યક્રમનું સંચાલન શ્રી દક્ષાબેન પંડયા દ્વારા કરવામાં આવેલ.

## યેલો ડે ની ઉજવણી :

તા. ૨૮ જૂલાઈ -'૨૨ ના રોજ **યેલો ડે**ની ઉજવણી કરવામાં આવેલ. **યેલો ડે** ઉજવણી નિમિત્તે વિદ્યાર્થી અને શિક્ષકોએ યેલો ડ્રેસ, યેલો નાસ્તો તેમજ યેલો રંગપૂરણી કરીને ઉજવવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા તેમજ શ્રી હિનાબેન વેડણી દ્વારા કરવામાં આવેલ.

## આઝાદી કા અમૃત મહોત્સવ

**૧. નિબંધ સ્પર્ધા :**

તા. ૨ ઓગસ્ટ -'૨૨ ના રોજ 'હર ઘર તિરંગા' પ્રવૃત્તિ હેઠળ 'તિરંગાનું મહત્વ' ટોપીક પર **નિબંધ સ્પર્ધા**નું આયોજન કરેલ. જેમાં ધો. ૧ થી ૧૨ ના તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રથમ રાષ્ટ્રધ્વજ ભીખાઈજી કામા એ બનાવ્યો હતો. રાષ્ટ્રધ્વજના ત્રણ રંગો, તેનું અલગ-અલગ મહત્વ સમજાવે છે. ૭૫મા 'આઝાદી કા અમૃત મહોત્સવ' ના આધારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપ્રેમ વધારવા આ પ્રવૃત્તિનું આયોજન કરેલ છે. નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબર ધો. ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી મકવાણા ચિંતન, દ્વિતીય નંબર ધો. ૧૨ આર્ટસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની વસોયા દ્રષ્ટિ તથા તૃતીય નંબર ધો. ૧૨ આર્ટસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની રોજાસરા જીગ્નેશાએ મેળવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન શ્રી જયોતિબેન મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

**૨. ચિત્ર સ્પર્ધા / વક્તૃત્વ સ્પર્ધા :**

તા. ૩ ઓગસ્ટ -'૨૨ ના રોજ **ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધા**નું આયોજન કરેલ. જેમાં ધો. ૧ થી ૧૨ ના તમામ બાળકો તિરંગાનું મહત્વ સમજાવતા ચિત્રો દોરી તથા બનાવીને લાવ્યા હતાં. દરેક ચિત્ર જાણે તિરંગાનું મહત્વ દર્શાવતુ હોય એવો આભાસ થતો હતો. આ સ્પર્ધામાં પ્રથમ નંબર વિદ્યાર્થીની ડુમાણિયા કૌશિકાએ મેળવ્યો હતો. વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ, તેમાં પ્રથમ નંબરે

વિદ્યાર્થી માંધલ જયવિન, દ્વિતીય નંબર વિદ્યાર્થી ટાઢા પીયુષે અને વિદ્યાર્થી મકવાણા ચિંતને તૃતીય નંબર મેળવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન શ્રી દક્ષાબેન પંડયાએ કરેલ.

**૩. રેલીયાત્રા કાર્યક્રમ :**



આ પ્રભાત ફેરીમાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ, તેમજ શિક્ષકો હાજર રહી, તિરંગા સાથે ઉત્સાહભેર **રેલીયાત્રા**માં જોડાયેલ.

સ્વાતંત્ર્ય દિવસના ૭૫ વર્ષ પૂર્ણ થતા, તેમજ ભારત દેશના રાષ્ટ્રિય પર્વની આનંદ અને ઊમંગથી આ પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા, તેમજ શિક્ષકોએ કરેલ.

**૪. ગીત સ્પર્ધા :**

દેશભક્તિ **ગીત સ્પર્ધા**નું આયોજન તા. ૫ ઓગસ્ટ-'૨૨ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને દેશભક્તિ ગીત ગાયા હતાં. વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના શિક્ષકોએ પણ દેશભક્તિ ગીત ગાયા હતાં. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિદ્યાર્થી ઠેબાસકરાણી મુસ્તાક, દ્વિતીય નંબર વિદ્યાર્થીની જાની દિશા તથા વિદ્યાર્થીની સોહલા નંદનીએ તૃતીય નંબર મેળવ્યો હતો. આ કાર્યક્રમ પ્રિન્સિપાલ શ્રી હિતેનકુમાર પંડયાના નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યો હતો.



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

કૌશિક પરમાર



## ચમકવું હોય તો ઘસાવુ પડે....!

૩ વર્ષની પા પા પગલી માંડવાની ઉંમરે જ જયારે પોતાનું સંતાન પગ ગુમાવી બેસે, ત્યારે માતાપિતાને આઘાત લાગી જાય એ સ્વાભાવિક છે. પોતાનું સંતાન પગ વગર કેમ જીવી શકશે ? મોટો થઈને કેવી રીતે પોતાનું ગુજરાન ચલાવશે ? આવી જ ચિંતા ભાવનગરના એક પરિવારે ૪૦ વર્ષ પહેલા કરી હતી. સમય પસાર થતો ગયો... દુઃખના દિવસો પસાર થઈ ગયા. જે સંતાનની ચિંતા ભાવનગરના માતાપિતાએ કરી, એ સંતાન આજે આપબળે ઉભો થઈ સ્વનિર્ભર બન્યું છે, ઉપરાંત પોતાના માતાપિતાને બોજારુપ બનવાને બદલે માતાપિતાને આર્થિક ટેકો કરી શકે, ત્યારે તેને સલામ કરવી પડે. સંતાન જયારે હીરાની જેમ ચમકે ત્યારે ભૂતકાળનું તમામ દુઃખ ભૂલાઈ જાય. પરંતુ હીરાની જેમ ચમકવા માટે ઘસાવું પડે, તકલીફો વેઠવી પડે, મુશ્કેલીઓનો સામનો કરવો પડે. આવી જ એક સત્ય હકીકત આ લેખમાં પ્રસ્તુત કરેલ છે.

ભાવેશ રાઠોડનો જન્મ ૧૯૭૮માં થયો. પિતાનું નામ ધીરજલાલ, માતાનું નામ પ્રભાબેન. ભાવેશને ૩ વર્ષની ઉંમરે તાવ આવવાથી પોલિયો થયો અને બંને પગ ગુમાવ્યા. ઢસડાઈને ચાલતાં ભાવેશે ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કર્યો ત્યારે ભાઈ-બહેન તેને તેડીને લેવા મૂકવા જતાં. ભાવેશમાં સમજણ આવી ગઈ હતી, પરંતુ નજર સમક્ષા સમસ્યાઓ પણ હતી. હિંમત હાર્યા વગર ભાવેશે પોતાની જિંદગીનો રોડમેપ તૈયાર કર્યો. ધો. ૮ થી ૧૦ સુધી અભ્યાસ કર્યો ત્યારે શાળાએ આવવા-જવા માટે રિક્ષાનો ઉપયોગ કર્યો, તેમાં કુદરતની સહાય મળી. રિક્ષાવાળાએ શાળાએ આવવા-જવા માટે કોઈ ભાડું લીધું નહી. સ્વનિર્ભર બનવા માટે વધુ અભ્યાસ જરુરી છે એવું લાગતાં ધો. ૧૧ થી કોલેજ સુધીના અભ્યાસ માટે કોલેજ સુધી જવા ટ્રાયસિકલનો ઉપયોગ કર્યો. નોકરીની શોધ ચાલુ કરી. પોતે તનતોડ મહેનત કરશે પણ હાથ નહીં લંબાવે, એવા વિચારો સાથે કંઈક નવું શીખવાનો મનમાં નિર્ધાર કર્યો. વર્ષ ૨૦૦૧ માં પી.એન. આર. સોસાયટીએ એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની સ્થાપના કરી, જેમાં વિકલાંગોને વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેનિંગ આપી, તેમને સક્ષમ બનાવવા એવો મુખ્ય હેતુ હતો. ભાવેશે ૨૦૦૨ માં એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં એડમિશન મેળવ્યું. તે સમયે સક્ષમ અને સમધારણ લોકો પણ કોમ્પ્યુટર શીખવા સમર્થ ન હતા. તેવા સમયમાં વિકલાંગોએ કોમ્પ્યુટરની તાલીમ મેળવવી, એ દીવાસ્વપ્ન સમાન હતું. ભાવેશે પૂરી લગનથી સફળતાપૂર્વક કોમ્પ્યુટરની તાલીમ પૂર્ણ કરી, પરંતુ ત્યારબાદ નોકરી કે કામ મેળવવું એ મોટો પડકાર હતો. ટાઈપિંગ અને ડિઝાઈનિંગના કામમાં નિપૂણતા મેળવેલ ભાવેશે, અનેક સ્થળોએ જાતે જઈ નોકરીની તલાશ કરી. એક દિવસ નસીબ આડેથી પાંદડું ખસ્યું. ૨૦૦૫ માં મોટા શહેરોમાં કોમ્પ્યુટરાઈઝડ બેનર

બનાવવાનું કામ ખૂબ નીકળ્યું. પોતાની આવડતના આધારે ભાવેશને આ કામ મળી ગયું. દાદરવાળી જગ્યાએ નોકરી કરવામાં દાદર ચડવા ઉતરવામાં અગવડ પડતી હતી. પરંતુ તે તકલીફો વેઠીને પણ ભાવેશે ૨૦૦૫ થી ૨૦૧૫ દરમ્યાન ભાવનગરના બેનર બનાવતા ૨-૩ પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કર્યું. આવક ચાલુ થઈ. ભાવેશમાંથી ભાવેશભાઈ બની ગયેલ, ભાવેશભાઈએ પોતાનો જ ડિઝાઈનિંગ અને પ્રિન્ટીંગનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ધાર કર્યો. પરંતુ જયારે ઘર માંડ-માંડ ચાલતું હોય ત્યારે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ખુરશી ટેબલ વગેરે ખરીદવાનું અશકય હતું. પરંતુ ભાવેશભાઈએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સાધનો ખરીદવા માટે લોનની અરજી કરી. અનેક પ્રયત્નો પછી લોન મંજુર થઈ અને પોતાના ઘરમાં જ વ્યવસાય શરુ કર્યો અને નામ આપ્યું ''ક્રિએટીવ ગ્રાફિકસ''. સગાસંબંધીઓ, મિત્રવર્તુળમાં પ્રચાર કર્યો. ધીમે ધીમે કામ અને અનુભવ વધવા લાગ્યો. જે સ્થળે નોકરી મેળવવા પ્રયત્નો કરેલા, તે સ્થળોએથી કામ કરવા માટે સામેથી ઓફર આવવા લાગી. બેંક, શાળાઓ વિગેરેનું કામ મળવા લાગ્યું. વિઝીટિંગ કાર્ડ, બેનર, કંકોત્રી, બિલબુક, પુસ્તકો છાપવાનું કામ કરી રહેલા ભાવેશભાઈએ, પોતાના વ્યવસાય સાથે પાર્ટ ટાઈમ નોકરી પણ ચાલુ રાખી છે. જો કે, એક સ્થળેથી બીજા સ્થળે સમયસર પહોંચવું, કામ કરવું એ ધારીએ એટલું સહેલું નથી, પણ ભાવેશભાઈએ એ બધું જ કરી બતાવ્યું. ૨૦૧૯ માં કોરોના મહામારી દરમ્યાન દુનિયાભરમાં કામકાજ ઠપ્પ થયું. ભાવેશભાઈનું કામ પણ બંધ થયું. કોરોના મહામારી દરમ્યાન એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટમાં વિકલાંગોને ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેનિંગ આપવાનો પાયલોટ પ્રોજેકટ બનાવવામાં આવ્યો, તેમાં ભાવેશભાઈએ ઓનલાઈન ટ્રેનિંગ ફેકલ્ટી તરીકે શ્રેષ્ઠ કામગીરી કરી. હાલમાં પણ તેઓ એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટના પાલીતાણા અને મહુવા બ્લોકના વિકલાંગોને ઓનલાઈન તાલીમ આપવાનું કામ કરી, અન્ય વિકલાંગોને પગભર કરવા ફેકલ્ટી તરીકે કામગીરી કરી રહયાં છે અને ૫૫ જેટલા વિકલાંગોને ડિઝાઈનિંગની તાલીમ આપી ચૂકયા છે.

ભાવેશભાઈને બે સંતાનો છે. બંને સંતાનોને અભ્યાસ અને સ્પોર્ટસમાં કારકિર્દી બનાવી શકે તે માટે આજે પણ તનતોડ મહેનત કરી રહયાં છે. તેમના સંતાનો નેશનલ લેવલે મેડલ મેળવવાની તૈયારીમાં છે. આપણે સૌ ભાવેશભાઈને અભિનંદન પાઠવીએ અને સાથોસાથ તેમને કામ મળી રહે એ માટે પ્રયાસો કરીએ. ભાવેશભાઈ ભાવનગરના આનંદનગર વિસ્તારમાં પોતાનો વ્યવસાય કરી રહયાં છે. તેમનો મોબાઈલ નંબર ૯૧૫૭૬૬૦૦૨૮ છે. જેમને પણ પ્રિન્ટીંગને લગતું કામ પડે તે લોકો ભાવેશભાઈને કામ આપે અને તેના આત્મવિશ્વાસમાં વધારો કરે, તે માટે સૌને અનુરોધ છે. ભાવેશભાઈની આ કથનીનો સાર એટલો જ છે કે જો હીરાની જેમ ચમકવું હોય તો ઘસાવું પડે. અન્ય વિકલાંગો પણ આ ભાવેશભાઈની મહેનત અને તેમના પ્રયત્નોમાંથી બોધપાઠ લેશે, તો તેઓ પણ જરૂર સફળતા મેળવશે.



# દિશા કમ વિકાસ પ્રોજેકટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



### રાખી મેકિંગ :

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતા શીખે, તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત જૂલાઈ-ઓગસ્ટ માસ દરમ્યાન બાળકો દ્વારા ભાઈ-ભાભી રાખડી બનાવવી, રાખડીનું પેકિંગ કરવું, તેના પર પ્રાઈઝ ટેગ લગાવવું, ચોકલેટ બનાવવી, તેનું ગીફ્ટ રેપ પેકિંગ કરવું જેવી પ્રવૃત્તિઓ શીખી સમૂહમાં દરેક પ્રવૃત્તિઓ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કરાવવામાં આવેલ.

### મોનસુન કાર્નિવલ :

તા. ૨૩-૨૪ જૂલાઈ -'૨૨ ના રોજ સંસ્થાના શુભચિંતક શ્રી અંબિકાબેન ટેકરીવાલ દ્વારા ઈસ્કોન કલબ ખાતે **મોનસુન કાર્નિવલ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાને એક સ્ટોલ ફાળવવામાં આવ્યો હતો. જેમાં નટરાજ સી.પી. સ્કૂલ અને દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકો દ્વારા બનાવવામાં આવેલ વસ્તુઓનું વેચાણ કમ પ્રદર્શન કરવામાં આવેલ. મુલાકાતીઓમાં દિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલ ભાઈ-ભાભી રાખડી, રેઝિંગ કિચેઈન, કુશન કવરની ખૂબજ માંગ રહી હતી, સંસ્થા દ્વારા સ્ટોલ ઉપર દરેક વસ્તુઓનું ખૂબજ વાજબી ભાવે વેચાણ તથા દિવ્યાંગ બાળકોના વિકાસની ભાવનાનો સ્વીકાર રહ્યો હતો. આ ઉપરાંત તોરણ, આરતી કોમ્બો ડિશ, દંતમંજન, કલોથ બેગનું પણ વેચાણ કરવામાં આવેલ.

### ફંકશનમાં પ્રાર્થના કૃતિની રજૂઆત :

તા. ૩૦ જૂલાઈ -'૨૨ ના રોજ પી.એન.આર. સોસાયટી દ્વારા સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકોને સહાય આપવામાં આવી હતી તથા આ પ્રસંગે પ્રોજેકટના બાળકો દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી.

### બર્થ ડે સેલિબ્રેશન :

દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અતંર્ગત તા. ૧૨ ઓગસ્ટ -`૨૨ ના રોજ જાન્યુઆરી માસથી ઓગસ્ટ માસ દરમ્યાન આવતા બાળકોના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જિજ્ઞાબેન સોલંકી, હાઈટેક ઈન્કલુઝીવ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી હિતેનભાઈ પંડયા તથા દિશા કમ વિકાસ પ્રોજેક્ટના કો-ઓર્ડિનેટર શ્રી અમિતભાઈ મિત્રા, શ્રી જીગ્નેશભાઈ પારેખ વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં. બાળકો દ્વારા બર્થ ડે કેક કટિંગ કરવામાં આવી હતી. શ્રી પારસભાઈ શાહ દ્વારા બાળકોને જન્મ દિવસની શુભકામના પાઠવવાની સાથે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ પ્રસંગે




પ્રોજેકટના વાલી શ્રી સ્મિતાબેન શાહ તથા શ્રી કોમલબેન ટિમાણિયા દ્વારા પ્રોજેકટના બાળકોને ગિફ્ટ આપવામાં આવેલ. ત્યારબાદ બાળકો અને વાલીઓ માટે સંસ્થા દ્વારા અને પેરેન્ટ્સ કોંટ્રિબ્યુશનથી શ્રાવણ માસ હોવાથી ફરાળી નાસ્તાનું આયોજન કરવામાં આવેલ.



## પી.એન.આર. સોસાયટી સંચાલિત ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ

✍ કિરણ રાજયગુરુ



### ગુરૂપૂર્ણિમાની ઉજવણી :

તાલીમાર્થીઓ દ્વારા તા. ૧૩ જૂલાઈ -`૨૨ ના રોજ **ગુરૂપૂર્ણિમા**ની ઉજવણી કરવામાં આવી. તેમાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી કિરણબેન રાજયગુરૂને આ ઉજવણીની સરપ્રાઈઝ આપવામાં આવી હતી. તેમાં કેક કટિંગ દ્વારા ઉજવણી કરવામાં આવેલ. તેમજ તાલીમાર્થીઓએ ગુરૂ વિશે કવિતા, પંક્તિ તેમજ વિવિધ વકતવ્યો દ્વારા ગુરૂનું મહત્વ સમજાવ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ.

### સી.પી. સ્કૂલ વિઝિટ :



પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા સી.પી. સ્કૂલની તા. ૦૮ જૂલાઈ -`૨૨ ના રોજ વિઝિટ કરવામાં આવી. જેમાં સી.પી. સ્કૂલના તમામ વિભાગોની માહિતી શિક્ષક શ્રી જયોતિબેન પરમાર દ્વારા આપવામાં આવેલ. સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીએ પણ તાલીમાર્થીઓ સાથે મુલાકાત કરી, તાલીમાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડેલ.

### દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મુલાકાત :

નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓ દ્વારા દિશા કમ વિકાસ પ્રોજેક્ટની તા. ૦૯ જૂલાઈ -`૨૨ ના રોજ મુલાકાત કરવામાં આવેલ. જેમાં અલગ-અલગ વિભાગો જેવા કે સ્પેશ્યલ એજ્યુકેશન, પ્રિવોકેશનલ, ફિઝીયોથેરાપી / ઓકયુપેશનલ થેરાપી તથા A.D.L. વિભાગોની માહિતી શ્રી ડૉ. ગ્રીવાબેન અંધારિયા દ્વારા આપવામાં આવેલ.

### રક્ષાબંધન પર્વની ઉજવણી :



પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા તા. ૧૦ ઓગસ્ટ -`૨૨ ના રોજ વર્ગખંડમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવેલ. જેમાં બહેનો દ્વારા ભાઈઓને સમૃધ્ધિના પ્રતીકરૂપ તિલક કરી, તેમના ઉજવળ ભવિષ્યની કામના કરી રાખડી બાંધવામાં આવી અને મિઠાઈ દ્વારા ભાઈઓને મોં મીઠું કરાવવામાં આવેલ. તેમજ ભાઈઓ દ્વારા બહેનોને ગિફ્ટ આપવામાં આવેલ.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

ફાલ્ગુની ખાટસુરિયા



## ગુરૂપૂર્ણિમા :



અષાઢ સુદ પુનમના દિવસે શાળામાં **ગુરૂપૂર્ણિમા**ની ઉજવણી કરવામાં આવી. શાળાના બાળકોને પ્રાર્થના રૂમમાં ચાર્ટ-ચિત્ર સાથે ગુરૂપૂર્ણિમાની સમજ આપવામાં આવી. ધો. ૮ ના બાળકોએ બધા શિક્ષકોને કંકુથી ચાંદલો કરી, આશીર્વાદ મેળવ્યા. નર્સરીથી ધો. ૭ ના બાળકોએ પોતાની જગ્યા પર ઉભા થઈ ગુરૂજનોને પ્રણામ કરી, આશીર્વાદ મેળવ્યા. ચંદ્રિકાબેન અને શ્રીમબહેને ગુરૂપૂર્ણિમા વિશે સરસ સમજ આપી.

## "નો પ્લાસ્ટિક" કોટન બેગ વિતરણ કાર્યક્રમ :



સમગ્ર દેશમાં શરૂ થયેલ **"નો પ્લાસ્ટિક"** ઝુંબેશ અંતર્ગત સરકારશ્રી તરફથી પ્રાયોજીત કાર્યક્રમમાં શ્રી શ્વેતલભાઈ શાહ અને શ્રીમતી ચેતનાબહેન શાહના પ્રયત્નોથી આપણી શાળાના બાળકોને **કોટન બેગ** આપવામાં આપી અને તેના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું.

## ચિત્રકલા શિબિર :

યુવા અને સાંસ્કૃતિક વિભાગ ભાવનગર દ્વારા તા. ૩-૮ થી તા. ૮-૮ સુધી પાંચ દિવસ **ચિત્રકલા શિબિર**નું આયોજન થયેલ હતું. જેમાં



આપણી શાળાના ૬ વિદ્યાર્થીઓએ અને ૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ. જેમાં તેઓએ ભૌમિતિક આકારના ઉપયોગ કરીને ઓવર લેપિંગ દ્વારા ચિત્રની તાલીમ મેળવેલ. આ ઉપરાંત સર્જનાત્મક ભાત ચિત્રો, કુદરતી કમ્પોઝિશન અને કુદરતી ઝાડ-પાનના ચિત્રોનું સર્જન કરી જ્ઞાન મેળવેલ. સરકારશ્રી દ્વારા બાળકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયેલ. આ શિબિરને સફળ બનાવવા શ્રી પ્રશાંતભાઈ અને શ્રી ગજાનંદભાઈએ યોગદાન આપેલ.

## મધર ટ્રેનિંગ પ્રોગ્રામ :

દર વર્ષે આપણી શાળામાં મધર ટ્રેનિંગ પ્રોગ્રામ ચાલે છે. જેમાં શ્રવણમંદ બાળકના કુટુંબની કોઈપણ વ્યક્તિ આ તાલીમમાં જોડાય છે અને પોતાના બાળકનો ભાષા વિકાસ કેવી રીતે કરવો, તે આ તાલીમ દરમ્યાન શીખે છે. આ તાલીમનો સમયગાળો ૩ માસનો હોય છે. આ ત્રણ માસ દરમ્યાન ભાષા-વાણી, મનોવિજ્ઞાન, ઓડિયોલોજી જેવા વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, પોતાના બાળકના વિકાસ માટે પ્રેક્ટિકલ વર્ક પણ અભ્યાસ દરમ્યાન જુદા-જુદા વર્ગમાં કરે છે. આ વર્ષે ૨૦૨૨-૨૩ માં કુલ ૧૪ માતા અને ૧ પિતા તાલીમ લઈ રહ્યાં છે. તાલીમની શરૂઆત તા. ૭-૭ થી થઈ. જેમાં સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ, માતાને પોતાના બાળકોની મુશ્કેલીઓનો સામનો કરીને કેમ વિકાસ કરવો, તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.



મધર ટ્રેનિંગ પ્રોગ્રામ



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



## ગુરૂપૂર્ણિમા :



અષાઢ મહિનાની પૂર્ણિમાને દિવસે તા. ૧૩ જૂલાઈ -'૨૨ ના રોજ ગુરૂપૂર્ણિમાનો તહેવાર ઉજવવામાં આવ્યો.

**"ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગુ પાય, બલિહારી ગુરુ આપકો ગોવિંદ દિયો બતાય"**

ગુરુને આપણી સંસ્કૃતિમાં સૌથી શ્રેષ્ઠ સ્થાન આપવામાં આવ્યું છે. ગુરુ આપણને જ્ઞાન આપે છે જે આપણા જીવનનો આધાર બને છે. શાળામાં શિષ્યો દ્વારા ગુરુ પ્રત્યેની નિષ્ઠા અભિવ્યક્ત કરતા ગુરુનું પૂજન કરી, મોં મીઠું કરાવી, આશીર્વાદ મેળવવામાં આવ્યાં હતાં. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ પ્રસંગોચિત માહિતી આપેલ. શ્રી યોગેશભાઈએ ગુરુ મહાત્મ્ય સમજાવતા વિડિયો નિદર્શન કર્યું.

## "આઝાદી કા અમૃત મહોત્સવ" :



શાળામાં તા. ૧ ઓગસ્ટ -'૨૨ ના રોજ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત ભારત માતાને વંદન તેમજ પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં વિદ્યાર્થી મિત્ર મંડળની બહેનો દ્વારા ભારત માતાના ફોટાને પૂજન અને વંદન કરવામાં આવેલ. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ ભારતની ગરિમા અને ગૌરવ, તેમજ દરેક શ્રવણમંદ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની જ્યોત પ્રજ્વલિત રહે તેવા સંદર્ભમાં પ્રેરણાદાયી વક્તવ્ય આપેલ. ૭૫મા સ્વાધિનતા પર્વની ઉજવણી સાથે વિદ્યાર્થીઓને "નેશન ફર્સ્ટ" ની સમજ આપવામાં આવેલ. ઈન્ટરપ્રિટર તરીકે શાળાના શિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ, શ્રી ભરતભાઈ સોલંકી રહેલ. શ્રી ફાલ્ગુનીબહેન ખાટસુરિયા દ્વારા રાષ્ટ્રગીત રજૂ કરવામાં આવેલ.

## લોકશાહીનું અમૃત પર્વ "ચૂંટણી ૨૦૨૨ -'૨૩" :

શાળાના ધો. ૧ થી ૧૨ ના શ્રવણમંદ વિદ્યાર્થીઓએ લોહશાહીના



અમૃત પર્વ - ચૂંટણી ૨૦૨૨ -'૨૩નું આદર્શ આચારસંહિતા સાથે આયોજન કરેલ. આયોજન મુજબ વર્ગવાર ઉમેદવારી ફોર્મ ભરેલ તેમજ પ્રચાર કરવામાં આવેલ. એક આદર્શ ઈલેકશન બુથ જેમાં મતકુટિર, વર્ગવાર મતપેટીઓ મુકવામાં આવેલ. તમામ વિદ્યાર્થીઓએ પોતાનું ઓળખ કાર્ડ બતાવી, મતપત્રક લઈ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું. મત ગણતરી કરવામાં આવેલ. જીતેલ ઉમેદવારે સહુનો આભાર માન્યો હતો. ત્યારબાદ શાળાના જનરલ સેક્રેટરીની ચૂંટણી કરવામાં આવી. તેમજ સહુ જીતેલ ઉમેદવારોને G. S. દ્વારા શિસ્ત મંત્રી, પ્રાર્થના મંત્રી, રમત-ગમત મંત્રી વગેરે ખાતા સોંપવામાં આવેલ. વિદ્યાર્થીઓએ ચૂંટણીની સંપૂર્ણ પ્રક્રિયા જાણી, માણી અને અનુભવી અને લોકશાહી તથા ચૂંટણી અંગે જાગૃતતા કેળવી. શાળાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી અમિતભાઈ શાહ, શ્રી જીતુભાઈ શાહે આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી, શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને શિક્ષકગણને અભિનંદન પાઠવેલ. દેશની ચૂંટણી વ્યવસ્થા વિશે શ્રી જયોતિબેન બારૈયાએ માહિતી આપેલ. સમગ્ર સંચાલન શ્રી ચંદ્રમૌલીભાઈ, શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી જયોતિબહેન ભટ્ટી તથા શ્રી અનુપાબહેન દ્વારા કરવામાં આવ્યો.

## "આપત્તિ વ્યવસ્થાપન" અંગે માહિતી :

શાળામાં તા. ૯ જૂલાઈ -'૨૨ ના રોજ "ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટ્રેનિંગ સેન્ટર" શિશુવિહાર સંસ્થા દ્વારા, શ્રી કાંતિસેન શ્રોફ શતાબ્દી મહોત્સવ નિમિત્તે **આપત્તિ વ્યવસ્થાપન** અંગે ધો. ૮ થી ૧૨ ના શ્રવણમંદ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી. પ્રાર્થના બાદ, શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સહુનું સ્વાગત કર્યું. શ્રી નટુભાઈએ સલામતી અને વ્યવસ્થાપનની સંકલ્પના સરળ રીતે સમજાવી. તેઓએ કહ્યું કે, "આ તાલીમ દ્વારા આપણે અકસ્માત સમયે પોતાને અને અન્યને બચાવી શકીએ." ત્યારબાદ શ્રી હરેનભાઈએ વિવિધ સાધનોના ઉપયોગથી સલામતી તેમજ



બચાવ કામગીરી કેવી રીતે થઈ શકે ? તેનું પ્રેક્ટિકલ માર્ગદર્શન આપેલ. જેમાં સ્ટ્રેચર, રોલર તેમજ ટ્રાય એંગલ પાટા કઈ રીતે બાંધવા, દોરડાની વિવિધ પ્રકારની ગાંઠો બાંધી સલામતી માટેનો ઉપયોગ, વગેરેનું પ્રત્યક્ષ નિદર્શન આપ્યું. તેમજ શ્રવણમંદ વિદ્યાર્થીઓ પાસે પણ પ્રેક્ટિકલ કરાવેલ. તેઓની સરળ રજૂઆત દ્વારા ખૂબજ રસપૂર્વક વિદ્યાર્થીઓએ માહિતી મેળવી, જે બાળકોને આજીવન ઉપયોગી બની રહેશે. શ્રી શૈલેષભાઈએ મોમેન્ટો દ્વારા તેઓનું અભિવાદન કરી, આભાર માન્યો હતો.

**“હર ઘર તિરંગા” કાર્યક્રમ :**

શાળામાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ‘હર ઘર તિરંગા’




કાર્યક્રમના ભાગરૂપે કલા ઉત્સવમાં ધો. ૯ થી ૧૨ માં “આઝાદી કા અમૃત મહોત્સવ” થીમ આધારિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ચિત્ર, રંગોળી, ક્રાફટ વર્ક, સાંસ્કૃતિક પ્રોગ્રામ, ડિઝિટલ ફોટો મેકિંગ સ્પર્ધાઓ યોજવામાં આવેલ. વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે હેતુથી આયોજિત આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. ચિત્ર સ્પર્ધામાં SYS-2 કક્ષાએ “ધ્યાન ગ્રુપ” હેઠળ તા. ૫ જૂલાઈ -’૨૨ ના રોજ માધ્યમિક કક્ષાએ વિવેક વાળાએ દ્વિતીય નંબર, તેમજ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શ્રુતિ ખત્રીએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

સંતોષ યાદવ



◈ **ડી. એડ. ની ઈન્ટર્નશીપ :** તા. ૧-૭ થી ૧૫-૭ દરમ્યાન ડી. એડ. સ્પેશ્યલ એજ્યુકેશન (એચ.આઈ) વર્ષ ૨૦૨૦-’૨૨ ના તાલીમાર્થીઓની હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં ૧૫ દિવસ સુધી ઈન્ટર્નશીપ યોજાઈ ગયેલ. જેમાં તાલીમાર્થીઓએ સ્કૂલના બાળકોને તેમના અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ આપવાનો અનુભવ લીધેલ. જ્યારે તા. ૧૬-૭ થી ૩૧-૭ દરમ્યાન ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) વર્ષ ૨૦૨૦-’૨૨ ના તાલીમાર્થીઓએ સી.પી. સ્કૂલમાં ૧૬ દિવસ સુધી ઈન્ટર્નશીપ કરેલ અને ત્યાના બાળકોને તેમના અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ આપવાનો અનુભવ લીધેલ.

◈ **ગુરૂપૂર્ણિમા :** તા. ૧૩ જૂલાઈ -’૨૨ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવેલ અને કોલેજના તાલીમાર્થીઓ દ્વારા શિક્ષકોને તિલક કરી, આરતી ઉતારી આશીર્વાદ લેવામાં આવેલ. શિક્ષકો દ્વારા પણ દરેક તાલીમાર્થીઓ ઉચ્ચતર પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપેલ.

◈ **સી.બી.આર. :** તા. ૧૬, ૧૭, ૧૮ જૂલાઈ -’૨૨ ના રોજ ત્રણ દિવસ ડી.એડ. સ્પે. એજ્યુ.ના તાલીમાર્થીઓએ અભ્યાસક્રમ અનુસાર સામુદાયિક આધારિત પુનર્વાસ કાર્યક્રમ અંતર્ગત ભાવનગરના રાણિકા વિસ્તારમાં ઘરે-ઘરે જઈને સર્વે કરેલ અને



લોકોને વિકલાંગતા વિશે જાણકારી આપી, જાગૃતતા લાવવા માહિતી આપવામાં આવેલ. તેમજ શાળા નં. ૧૨ માં તા. ૧૮ જૂલાઈ -’૨૨ માં કેમ્પમાં બાળકોની હિયરીગ એસેસમેન્ટ વિશે લોકોને માહિતગાર કરવામાં આવેલ.

◈ **ફૂલ ડે ટીચિંગ :** તા. ૨૬-૭ થી ૬-૮ દરમ્યાન ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના તાલીમાર્થીઓ માટે સંસ્થાની પ્રાથમિક શાળા વિભાગમાં ફૂલ ટાઈમ ટીચિંગ ગોઠવવામાં આવેલ.

◈ **બી.એડ.ની ઈન્ટર્નશીપ :** બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના તાલીમાર્થીઓ માટે અભ્યાસક્રમ અનુસાર તા. ૩-૮ થી ૩૧-૮ દરમ્યાન ઈન્ટર્નશીપ યોજવામાં આવેલ.

◈ **રિસોર્સ પર્સન તરીકે :** તા. ૧૭-૭ થી ૧૯-૭ દરમ્યાન યશ સ્પેશ્યલ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા **સી.આર.ઈ.** કાર્યક્રમ

યોજવામાં આવેલ. જેમાં કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા **"National Research Foundation and 21st Century learner - NEP 2020-22"** વિષય પર લેક્ચર લેવામાં આવેલ.

◈ **ઈન્ટર્નલ પરીક્ષા :** ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ચોથા સેમેસ્ટરના તાલીમાર્થીઓની તા. ૧૮-૭ થી ૧૯-૭ બે દિવસ દરમ્યાન આંતરિક પરીક્ષા તેમજ સ્પીચ અને ઓડિયોના વાયવા લેવામાં આવેલ.

◈ **રિસોર્સ પર્સન તરીકે :** શ્રી સમર્પણ વિદ્યાલય આગ્રા દ્વારા તા. ૬-૮ થી ૮-૮ સુધી એક નેશનલ લેવલના **સી.આર.ઈ.**



પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં તા. ૭-૮ ના રોજ કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા **"Fostering Literacy Behaviour and Literacy Environment "** વિષય પર રિસોર્સ પર્સન તરીકે વકતવ્ય આપવામાં આવેલ.



# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



✍ વિપુલ જેઠવા


૧. માહે જૂલાઈ માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૩૨૫ લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૫૦૦ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૦૦, અડધા પગ-૨, ની-બ્રેસ-૪૦૧, હેન્ડ સ્પીલન્ટ-૫, નાઈટ સ્પ્લીન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૧૨, કેલીપર-૩, એ.એફ.ઓ.-૨૦, પ્લાસ્ટિક ઓર્થોસીસ-૬ તથા ૫૩ જુદા-જુદા સાધનો જેવા કે, વાલગસ પેડ, એલ.એસ.બેલ્ટ, રીપેરિંગ કામ વિગેરે પૂરાં પાડવામાં આવેલ. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફક્ત ટોકન દરથી પૂરું પાડવામાં આવેલ.

૨. દર માહે જૂલાઈ -`૨૨ માં સંસ્થામાં ગત તા. ૩-૭-`૨૨, દાતાશ્રી મેક સ્વિન (સુરત) તથા તા. ૧૩-૭-`૨૨ શ્રી દિપકભાઈ તથા શ્રી સંપૂર્ણાબેન શાહ (યુ.એસ.એ.) તરફથી એમ કુલ-૨ કેમ્પ યોજવામાં આવેલ. જેમાં કુલ ૩૩ લાભાર્થીઓને કુલ ૩૫ જુદા-જુદા સાધનો પૂરાં પાડવામાં આવેલ હતાં. જેમાં આખો હાથ-૧, અડધો પગ-૧, આખા પગ-૮, અડધા પગ-૧૩ તથા કેલીપર મેટલ તથા પ્લાસ્ટિકના મળીને ૬ ઓર્થો શુઝ-૩ તથા અન્ય-૩ સાધનો પૂરાં પાડવામાં આવેલ હતાં.

૩. સંસ્થાના સિનિયર ઓર્થો પ્રોસ્ટેટિક એન્જીનિયર ડૉ. નાયક અને તેની ટીમ દ્વારા માહે જૂલાઈમાં દેશના જુદા-જુદા રાજ્યોના શહેરો હૈદરાબાદ-૧૨૪, જલંધર-૧૪૨ તથા રામનાથપુરમ-૬૦૦ તથા પુના-૫૯ ની-બ્રેસ બનાવવામાં આવેલ અને દર્દીઓને ગોઠણ દુ:ખાવામાં ખૂબજ ઉપયોગી બનેલ.

## શ્રી દિપકભાઈ અને શ્રીમતી સંપૂર્ણાબેન શાહ પરિવાર (યુ.એસ.એ.) દ્વારા યોજાયેલ કૃત્રિમ હાથ-પગનો કેમ્પ

**શ્રી દિપકભાઈ** અને **શ્રીમતી સંપૂર્ણાબેન શાહ પરિવાર (યુ.એસ.એ.)** તરફથી કુલ ૧૪ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને ૧૮ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં. જેના લાભાર્થીઓ પાલિતાણા, ભાવનગર, મહુવા, સાવરકુંડલા, બોટાદ અને અમરેલીથી આવેલ હતાં. જેમાં અડધો હાથ-૧, આખા પગ-૨, અડધા પગ-૧૦, કેલિપર-૩, ઓર્થો શુઝ-૧ અન્ય-૧ એમ કુલ ૧૮ સાધનો દાતાશ્રી તરફથી પૂરા પાડવામાં આવેલ. દીપ પ્રાગટય શ્રી પરેશભાઈ મહેતા તથા સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તથા વર્કશોપ પરિવારે કરીને, કેમ્પના સાધનો જરૂરિયાતમંદ દિવ્યાંગોને પૂરા પાડવામાં આવેલ હતાં. જેના મુખ્ય લાભાર્થીઓમાં...



**૧. કુ. સમૃધ્ધિબેન થાનકી**, જેમની ઉંમર ૧૫ વર્ષની છે. અને તેઓ ધો. ૧૦ માં અભ્યાસ કરે છે. તેઓએ ટ્રક એક્સિડન્ટમાં ડાબો પગ ગોઠણથી ઉપરનો કપાવવો પડેલ. આજરોજ તેમને કૃત્રિમ પગ ફીટ કરી આપેલ. જેના વડે તેઓ પોતાનું કાર્ય તથા અભ્યાસ વ્યવસ્થિત રીતે કરી શકશે.

૨. **શ્રી હંસરાજભાઈ પ્રકાશચંદ** કે જેઓ પાનીપત જિલ્લાના રેરકલામ ગામથી આવે છે. તેમને જમણો હાથ ઈલેકટ્રિક શોર્ટ લાગવાથી કોણીથી નીચેનો કપાવવો પડેલ. તેઓ આ સંસ્થાનું નામ સાંભળી દિલ્હીથી ભાવનગર હાથ લગાડવા માટે આવેલ. સંસ્થા દ્વારા તેમને હાથ તૈયાર કરી અને આપી દેવામાં આવ્યો. તેમની રહેવાની-જમવાની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરાવામાં આવેલ છે. સંસ્થા દ્વારા દાતાઓની સહાયથી સામાન્ય રીતે મહિનામાં એક લાખ રૂપિયાની મર્યાદામાં રહીને બે કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેને લીધે જરૂરિયાતવાળા દિવ્યાંગ વ્યક્તિઓને પોતાની જરૂરિયાત મુજબના સાધનો મળી શકે છે.



# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા

✍ નેહલ ગઢવી



## ટેબલેટ વિતરણ :



તા. ૨૧ જૂલાઈ -'૨૨ ના રોજ બેંક ઓફ બરોડાના **૧૧૫** મા સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત, બેંક દ્વારા શાળાને **૩** ટેબલેટ અર્પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બેંક ઓફ બરોડાના શ્રી સુધીર રંજન સાહુ (AGM, BOB Bhavnagar Region) તેમજ અન્ય અધિકારીશ્રીઓ તથા સંસ્થાનો ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ.

## રસીકરણ કેમ્પ :




તા. ૨ ઓગસ્ટ -'૨૨ ના રોજ અર્બન હેલ્થ સેન્ટર, ભરતનગરના સહયોગથી શાળામાં ૧૦ વર્ષ અને ૧૬ વર્ષની ઉંમરના બાળકો માટે ટીટેનસ + ડિપ્થેરીયા (Td) **રસીકરણ કેમ્પ** યોજાયેલ. જેમાં ૧૦ વર્ષના ૧૪ તથા ૧૬ વર્ષના ૧૫ તેમ કુલ ૨૯ બાળકોને ટીટેનસ + ડિપ્થેરીયા (Td) રસી આપવામાં આવેલ.


## રક્ષાબંધન પર્વની ઉજવણી :

તા. ૮ ઓગસ્ટ -'૨૨ ના રોજ શાળા ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં રોટરી રોયલના પ્રમુખ શ્રી ધર્મવિરસિંહ સરવૈયા તેમજ શ્રી ગિરીશભાઈ વાઘાણી તથા અન્ય સભ્યશ્રીઓએ શાળાની બાળકીઓ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરેલ. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ હાજર રહેલ.

## હર ઘર તિરંગા :

તા. ૧૨ ઓગસ્ટ -'૨૨ ના રોજ શાળા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત **હર ઘર તિરંગા** કાર્યક્રમયોજાયેલ. જેમાં તિરંગા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. તેમજ ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. દરેક વાલીઓને તિરંગાનું વિતરણ કરી વ્યાપક રીતે આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ.

## જન્માષ્ટમી પર્વની ઉજવણી :



શાળા ખાતે તા. ૧૩ ઓગસ્ટ -'૨૨ ના રોજ રોટરી કલબ ઓફ ભાવનગરના પ્રમુખ શ્રી જતીનાભાઈ ભાયાણી તથા કલબના સભ્યોની વિશેષ ઉપસ્થિતિમાં **જન્માષ્ટમી પર્વની ઉજવણી** કરવામાં આવેલ.

## રાખડી પ્રોજેક્ટ :

સંસ્થા દ્વારા **ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર**માં ચાલતા **રાખડી પ્રોજેક્ટ**માં મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલી રાખડીઓનું **ભાવનગર શહેર**ના વિવિધ સ્થળોએ **એકઝિબીશન કમ સેલ**નું આયોજન કરવામાં આવેલ. તેમજ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ ઉપરાંત મુંબઈ, બેંગ્લોર, નાગપુર, દિલ્હી, વિજયવાડા જેવા વિવિધ શહેરોમાં ઓનલાઈન વેચાણ કરવામાં આવેલ. જેમાં લોકોનો ખૂબજ સારો સહયોગ મળેલ.

# ૧ થી ૩૧ ઓગષ્ટ '૨૨ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 52,000 |
| Shri Lilavati Fakirchand Sharma Charitable Trust C/O.Komalraj Transport - Bhavnagar | 5,00,000 |
| Shri Jayshree Rajesh Kamabar - Pune | 15,000 |
| Shri Usha Chandravadan Shah - Mumbai | 1,00,000 |
| Shri Manoj Pande - New Dehi | 12,500 |
| Shri Kiritbhai A.Rathod - Bhavnagar | 5,000 |

### FCRA Donation

| | | Pound |
|---|---|---|
| Impact Foundation - U. K. | Pound | 8,775 |
| Impact Foundation - U. K. | Pound | 4,500 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Nanalal Bhavanbhai Patel Charitable Trust - Bhavnagar | 4,00,000 |
| Shri Jagdishbhai Labhshankerbhai Trivedi - Surendranagar | 1,00,000 |
| Shri Hiteshbhai B. Joshi - Rajkot | 50,000 |
| M/S. Exim Multimedia(India) Pvt Ltd. - Mumbai | 50,000 |
| Dr.Sukhdev Lala & Mrs.Shashiprabha Lala - Bhavnagar | 31,000 |
| Shri Harsha Girishkumar Ramaiya - Bhavnagar | 25,750 |
| Shri Nanalal Bhavanbhai Patel Charitable Trust - Bhavnagar | 25,000 |
| Shri Rekhaben Vinodbhai Modha - Ahmedabad | 25,000 |
| M/S. Sparsh Foundation - Ahmedabad | 21,000 |
| Shri Ramila Satish | 15,000 |
| Shri Devendrabhai R. Sheth - Bhavnagar | 11,000 |
| M/S. Sol Mobile Pvt Ltd - Mumbai | 11,000 |
| M/S. Dholakia Foundation - Surat | 11,000 |
| Shri Amitkumar Gunvantrai Mehta - Bhavnagar | 8,000 |
| Shri Jayeshbhai Babubhai Dungrani - Bhavnagar | 5,500 |
| Shri Arvindbhai Meghjibhai Jasoliya - Bhavnagar | 5,001 |

| | |
|---|---|
| Shri Diptiben Ashvinbhai Mehta - Mumbai | 5,001 |
| Shri Vidhyaben Prakashbhai Shah - Bhavnagar | 5,000 |
| Shri Chunilal Parshottambhai Patel - Vadodara | 5,000 |
| Shri Harshadbhai Shantilal Trivedi - Bhavnagar | 5,000 |
| Shri Rameshbhai Dabhi - Bhavnagar | 5,000 |
| Shri Bharatbhai Balvantrai Mehta - Sihor | 5,000 |
| Shri Bakulbhai Rasiklal Mehta - Mumbai | 5,000 |
| Shri Akhani Ajaybhai K. - Rajkot | 5,000 |
| Shri Mukesh J. Udani - Thane | 5,000 |
| Shri Saurabhbhai Shah - Mumbai | 5,000 |
| Shri Kajalben Amrutlal Limbad | 5,000 |
| Shri Chandrakantbhai Diwakar - Bhavnagar | 5,000 |
| M/S. Navyug Shishu Niketan & Nsn International School - Visnagar | 4,121 |
| Shri Jayaben Indubhai Trivedi - Bhavnagar | 4,000 |
| Shri Pankajbhai Ghetiya | 1,500 |
| Shri Manjulaben Pragjibhai Kotadiya - Rajkot | 1,111 |
| Shri Narendrabhai Dalichand Mehta - Mumbai | 1,100 |
| Shri Kishorbhai Sureja - Bhavnagar | 1,100 |
| M/S. J Himmatlal And Co. - Bhavnagar | 1,000 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |
| Shri Vinod Amratlal Shah - Mumbai | 1,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Savita S. Mehta - Mumbai | 11,000 |
| Shri Vithalbhai Kanjibhai Patel - Ankleshwar | 5,100 |
| Shri Mangal Keshav Foundation - Mumbai | 50,000 |
| Shri Mangal Keshav Foundation - Mumbai | 25,000 |
| Shri Mangal Keshav Foundation - Mumbai | 4,000 |
| Shri Mangal Keshav Foundation - Mumbai | 4,000 |
| Shri Ajay Pradyumanbhai Bhatt - Bhavnagar | 10,000 |
| Shri Lilaben G. Gajera - Surat | 2,100 |
| Shri Rotary Club Of Puna University Charitabel Trust - Pune | 22,000 |
| Shri Anantray Bhurabhai Dave - Bhavnagar | 2,000 |
| Shri Rajbahadursinh Nirmalsinh Rathod - Bhavnagar | 10,500 |
| Late Raghurajsinh P Sarvaiya - Hathsani | 11,250 |
| Shri Satish Kumar S Thakkar - Ahmedabad | 15,000 |
| Dr. Shri Hardik Khatri - Bhavnagar | 10,000 |
| Shri Nitinbhai Navnitlal Shah - Mumbai | 2,000 |
| Shri Valia Shubh Trust - Mumbai | 5,001 |
| Shri Hiteshbhai Vinubhai Mody - Mumbai | 32,200 |
| M/S. Saurashtra Acid & Chemical - Bhavnagar | 5,000 |

## સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (એમ.આર.)

ડૉ. ભાવિકા કામદાર

### ગુરૂપૂર્ણિમાની ઉજવણી :

તા. ૧૩ જૂલાઈ -'૨૨ ના રોજ શાળામાં ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા **ગુરૂપૂર્ણિમાની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમા વિશે તથા જીવનમાં ગુરૂના મહત્વ વિશે વાત કરવામાં આવેલ. તથા શાળાના દરેક શિક્ષકોને પૂષ્પવર્ષા કરી, તેમજ બોલપેન ગીફટમાં આપી આશીર્વચન મેળવેલ.

### પરિણામ :

તાજેતરમાં D. Ed. Spl. Ed. (I.D.) ની બેચ વર્ષ ૨૦૨૦-'૨૨ ફાઈનલ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવેલ. જેમાં સંસ્થા સંચાલિત ટિચર્સ ટ્રેનિંગ કોલેજનું ૧૦૦% પરિણામ આવેલ. જેમાં ૦૯ વિદ્યાર્થીઓ ડિસ્ટીકશન તેમજ ૧૬ વિદ્યાર્થીઓ ફસ્ટ કલાસ સાથે ઉત્તીણ થયેલ. સંસ્થા પરિવાર વતી તમામ વિદ્યાર્થીઓ તથા કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેનને અભિનંદન પાઠવવામાં આવેલ.

# સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

## પી.એન.આર. સોસાયટી

ભાવનગરની પી.એન.આર. સોસાયટીના નટરાજ કોલેજના પરિસરમાં તા. ૧૫મી ઓગસ્ટના રોજ ૭૬મા સ્વાતંત્ર્ય ભારતના પર્વે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ સી.પી. સ્કૂલ તથા હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના બાળકો, વિશિષ્ટ શિક્ષકો, ટ્રસ્ટીગણ અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં નટરાજ કેમ્પસના પટાંગણમાં સંસ્થાના સહમંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયા સાહેબના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા સ્વાગત પ્રવચન બાદ, શ્રી **ધીરૂભાઈ ધંધુકિયા**ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. તેઓએ પ્રસંગોચિત વકતવ્ય આપતાં, ''સતત જાગૃતિ એ જ લોકશાહીનું મૂલ્ય છે.'' એ વિધાન સમજાવી, આ ઉજવણી ફકત કર્મકાંડ ન બની જતાં અનુશાસન અને આત્મનિર્ણયથી આપણે ફરજ બજાવીને સુરક્ષિત ભાવિનું નિર્માણ કરીએ, એવી હાંકલ કરી. આ પ્રસંગે શ્રી બાબાભાઈ (ફાઉન્ડર મેમ્બર), શ્રી પારસભાઈ શાહ (સેક્રેટરી જનરલ), શ્રી એચ.પી. રાખશિયા (ટ્રેઝરર), શ્રી મહાસુખભાઈ જકડિયા વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આભારવિધિ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કરેલ. શ્રી લાલજીભાઈ પંડયા, (ગૃહપતિ)એ ધ્વજવંદન પરેડનું સંચાલન કરેલ. કીટ વિતરણ અને દેશભક્તિગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી વિભૂતિબેન વ્યાસ દ્વારા કરાયેલ.

## બધિર શાળા

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથિમક, માધ્યમિક અને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના સંયુકત ઉપક્રમે ૭૫ વર્ષના અમૃત મહોત્સવની ઉજવણી આજના ૭૬માં સ્વાતંત્ર્ય દિને પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ઈલાબેન મજમુદારના વરદ હસ્તે શાળાના પટાંગણમાં ધ્વજારોહણ અને ધ્વજવંદન આનંદોલ્લાસ સાથે કરવામાં આવી. શ્રી ઈલાબેને ઉદ્દબોધન કરતા જણાવ્યું કે, 'આપણે સૌ આજના દિવસે પાંચ સંકલ્પો લઈ રાષ્ટ્રહિતને ઉજાગર કરીએ.' પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે આઝાદીનું મહત્વ, રાષ્ટ્ર ભાવના, અને સંસ્થા ભાવના વિશે વકતવ્ય આપ્યું. શ્રી અશ્વિનભાઈ પંડયાએ રાષ્ટ્રહિતમાં આપણી વ્યક્તિગત જવાબદારીઓ શું છે ? તે સમજાવ્યું. આ પ્રસંગે સંસ્થાના બાળકોએ રાષ્ટ્રભાવનાને પ્રેરિત કરતી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી. સંસ્થામાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી તા. ૩ ઓગસ્ટ **ભારતમાતા વંદન દિવસ**થી વિવિધ સ્પર્ધાઓ જેવી કે, ચિત્ર, ડિઝીટલ ફલેગ મેકિંગ, રંગોળી સ્પર્ધા, ક્રાફટ વર્ક, કલા ઉત્સવ જેવી વિવિધ ઉજવણી દ્વારા થઈ. આ વિવિધ સ્પર્ધાઓના વિજેતા બાળકોને ઉપસ્થિત મહેમાનોના હસ્તે પ્રમાણપત્રો અપાયા. આજના દિવસે ૭૫ લીમડાના રોપા બાળકો અને કર્મયોગીઓમાં વિતરીત કરાયા. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, કર્મયોગીઓ તથા તમામ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતાં. કાર્યક્રમના અંતે આભારવિધિ માધ્યમિક વિભાગના પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ દવેએ કરેલ. કાર્યક્રમની ઉદ્દઘોષણા શ્રી ગજાનંદભાઈ ભટ્ટે કરેલ.

## 'અંકુર' શાળા

શાળા ખાતે સંપૂર્ણ આન-બાન-શાન સાથે ૭૬ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી અમીતભાઈ જી. મહેતા (જનરલ મેનેજર, સુમિટોમો કેમિકલ પ્રા. લિ., એકસેલ ઈન્ડ.,ભાવનગર) ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. સાથો-સાથ ડો. શ્રી સંજયભાઈ ડી. વડોદરિયા પણ હાજર રહેલ. ત્યારબાદ બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવેલ. જેમાં વિજેતા થયેલા બાળકોને મહેમાનશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા ઈનામ આપવામાં આવેલ. તેમજ ખેલ-મહાકુંભ ૨૦૨૨ માં વિજેતા થયેલા બાળકોને સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવેલ.

# દિવ્યાંગોને સાધન સહાય વિતરણનો કાર્યક્રમ

**PNR સોસાયટી સંચાલિત, નટરાજ સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતા બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ તથા સાર-સંભાળ માટેની આ શાળા દ્વારા નટરાજ ઓડિટોરિયમમાં તા. ૩૦ જૂલાઈ, ૨૦૨૨ ના રોજ દિવ્યાંગો માટે ઉપયોગી સાધનો, વોકર, વ્હીલચેર, સ્પિચ કીટ વિગેરેના વિતરણનો કાર્યક્રમ સુપેરે સંપન્ન થયેલ. દિવ્યાંગો દ્વારા રજૂ થયેલ પ્રભુ પ્રાર્થના, સહમંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયા દ્વારા પધારેલ મહાનુભાવોના સ્વાગત બાદ, સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા અભિનય ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ પ્રસંગ પરિચય આપી સાધન સહાય વિતરીત કરાવેલ તથા મહેમાનોને દિવ્યાંગો દ્વારા રચિત સ્મૃતિભેટ અર્પણ કરેલ. સ્પિચ થેરાપિસ્ટ ડૉ. અંબર ગુપ્તા દ્વારા ઓરલ મોટર થેરાપી કીટના ઉપયોગ વિશે સરળ ભાષામાં માહિતી અપાય. આ કાર્યક્રમમાં ભાવનગરના અગ્રણી ઉદ્યોગપતિ અને સંસ્થાના પ્રોત્સાહક દાતાશ્રી કોમલકાંન્તભાઈ શર્મા (શ્રીમતી લીલાવતી ફકીરચંદ શર્મા ચેરિટેબલ ટ્રસ્ટ, ભાવનગર) ના પરિવારના શ્રી પૂર્ણિમાબેન શર્મા અને શ્રી સુષ્માબેન ઉપસ્થિત રહેલ. સભાના અધ્યક્ષ શ્રી પૂર્ણિમાબહેને પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ. કાર્યક્રમનું સંચાલન વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા તથા આભારવિધિ માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ.**

# પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર

## સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

નટરાજ કૉલેજ



અંકુર શાળા



## સાધન સહાય કેમ્પ




## મોનસુન કાર્નિવલ





Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 Supt.- 2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com